**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**
છૂટક નકલ ૬-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) અને ૩. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી-૧, બોરડીગેટ, ભાવનગર-૧

**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- આગલા મહિનાના અંત સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તે પછીના મહિનાની તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

# અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અભિનંદનીય સહાય | સેવક ટ્રસ્ટી | ૩ |
| શાંતિપાઠમાં અહં ને મમ નો પ્રયોગ | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૮ |
| અરજ સુણો એક આજ | પરમાર્થી | ૧૨ |
| શ્રીયોગેશ્વરજીની સંક્ષિપ્ત જીવનકથા | ડૉ. અરૂણિકા મનોજ દરૂ | ૧૩ |
| એક અભિનવ પારાયણ(૪) | જ્યોત્સ્નાબેન ત્રિવેદી | ૧૭ |
| પૂજ્યશ્રી મોટાનો સદુપદેશ | શ્રી મોટા | ૨૫ |
| માણસને કેટલી જમીન જોઇએ? | લિયો ટોલ્સ્ટ્રોય, અનુ. જીતેન્દ્ર દેસાઇ | ૨૭ |
| અમ્બરીશ–પત્ની એક ભક્તિ પરાયણ રાજકુમારી | શ્રી સુશીલાબેન ભક્ત | ૩૩ |
| યોગી બ્રહ્મની મુલાકાત(૩) | પોલ બ્રન્ટન, અનુ.યોગેશ્વરજી | ૩૭ |
| રણછોડદાસજી મહારાજના પ્રેરક પ્રસંગો | સં.પરમાર્થી, શ્રીદમયંતી સેજપાલ | ૪૩ |
| યોગાસનો(૧) | હરિદાસ મૂળજી નિર્મલ | ૪૮ |
| પનામાનો પુણ્ય પ્રવાસ | મા સર્વેશ્વરી | ૫૧ |
| સુવ્રતાનો વિજય | પૂજ્ય સ્વામી કૃષ્ણાનંદજી | ૫૭ |
| રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૧ |

# સદ્ભાવભરી અભિનંદનીય સહાય

ગુરુદેવ પૂ. યોગેશ્વરજી સને ૧૯૬૬માં ભાવનગર પધાર્યા. જશોનાથ મંદિરના ચોકમાં તેમના પ્રવચનોમાં નિયમિત આવતા શ્રી રણછોડભાઇ પંચોલીને તેમનામાં અનન્ય શ્રદ્ધા જાગી.

પિતાના પગલે તેમની દીકરી ચંદ્રિકાબેન મિસ્ત્રી પણ ધીમે ધીમે સત્સંગમાં, શિબિરોમાં અને તે પછી સ્વર્ગારોહણમાં નિયમિત આવતાં થયાં, સ્વર્ગારોહણના કાર્યક્રમો દરમ્યાન તેઓ તેમના પુત્ર જીતુભાઇ અને પુત્રવધુ નીરૂબેનને પણ અચૂક સાથે લાવતાં. પરિણામે શ્રી જીતુભાઇનો સમગ્ર પરિવાર પુત્ર સમીર અને કશ્યપ, પુત્રવધુઓ શ્રુતિબેન અને કિંજનાબેન પૂ. શ્રી મા–પ્રભુના યુવાન ભક્તો બની સ્વર્ગારોહણ આવતા રહે છે, તો તેમનાંય બાળકો સંનિધિ, વૃન્દા અને પથિક પણ પૂ. માની બાળભક્તોની સેનામાં ગોઠવાઇ ગયા છે.

શ્રી ચંદ્રિકાબેનની ઇચ્છાપૂર્તિ રૂપે તેમના પતિ શ્રી પુરુષોત્તમદાસ મિસ્ત્રીની સ્મૃતિમાં શ્રી જીતુભાઇના પરિવાર તરફથી અધ્યાત્મના જુલાઇ ૨૦૧૨ ના અંકની પ્રસિદ્ધિનો ખર્ચ પ્રાપ્ત થયો છે. તેમના આ સત્કર્મ બદલ તેઓ સૌને અભિનંદન. મા–પ્રભુના આશીર્વાદ તેઓ સૌ ઉપર ઉતરે ને તેઓ સર્વની ભૌતિક અને આધ્યાત્મિક ઉન્નતિ થાઓ એ જ પ્રભુને પ્રાર્થના.

સેવક ટ્રસ્ટી,
**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**



# શાંતિપાઠમાં અહં ને મમ નો પ્રયોગ

**—યોગેશ્વરજી**

છાંદોગ્ય ઉપનિષદ કદમાં બીજાં ઉપનિષદોની સરખામણીમાં ઘણું મોટું છે. તેનો શાંતિપાઠ પહેલાં આવી ગયેલા કેન ઉપનિષદના શાંતિપાઠ જેવો જ છે. શાંતિપાઠની ભાવના ઉપનિષદની આગવી ભાવના છે. તે ભાવનાની પ્રબળતાનો ખ્યાલ તેમાં ડૂબી જવાથી આવી શકે છે. આ ઉપનિષદના શાંતિપાઠની ભાવના પણ કેટલી બધી ઉત્તમ ને અનેરી છે!

'મારાં સમસ્ત અંગો બળવાન બનો; મારી વાણી, મારી આંખ ને મારી ઇન્દ્રિયો પણ શક્તિશાળી થાઓ; મારા પ્રાણ ને મારા કાનમાં શક્તિનો સંચાર થાઓ; પરમાત્માને હું કદી ભૂલું ને છોડું નહીં તેમજ પરમાત્મા પણ મારો ત્યાગ ન કરે. મારી ને પરમાત્માની વચ્ચે અતૂટ પ્રેમસંબંધ પ્રસ્થાપિત થાઓ; ઉપનિષદમાં જીવનની ઉન્નતિના જે ધર્મો બતાવ્યા છે તે મારા જીવનમાં સાકાર બનો ને પ્રેરણા પૂરો.'

કેટલો સુંદર શાંતિપાઠ છે! પરંતુ તેને સાંભળીને એક ટીકાકાર ભાઇ બોલી ઊઠ્યા કે ઋષિઓ આત્મોન્નતિની ગમે તેટલી ઊંચી અવસ્થાએ પહોંચ્યા હોય તોપણ 'મમ'ના પ્રયોગથી મુક્ત તો નથી જ. મારાપણાની ભાવના તો તેમની અંદર પણ આવી ગઇ.

તે ભાઇને હું કેટલાક શાંતિપાઠ કહી સંભળાવતો હતો. તેમને મેં કહ્યું કે ઋષિએ વહેતી મૂકેલી શાંતિની બીજી ભાવના વિશે પણ જાણી લો. શાંતિની એ ભાવના ઘણી પ્રખ્યાત છે. તેમાં સમસ્ત વિશ્વની શાંતિની કામનાનું પ્રતિબિંબ પડે છે. ઋષિ

કહે છે કે 'આકાશમાં રહેનારા જીવોને શાંતિની પ્રાપ્તિ થાઓ; સ્વર્ગ ને પૃથ્વી પર વસનારા જીવોને શાંતિની પ્રાપ્તિ થાઓ; પાણીમાં, વનસ્પતિ ને ઔષધિમાં વસનારા જીવોને શાંતિની પ્રાપ્તિ થાઓ; સંસારના સઘળા જીવોને શાંતિની પ્રાપ્તિ થાઓ; ને તે શાંતિ સંસારના એક સભ્ય તરીકે મને પણ મળો.' તેને શાંતિપૂર્વક સાંભળ્યા પછી તે ભાઈ કહેવા માંડ્યા કે 'ભાવના અત્યંત અસરકારક ને આનંદદાયક છે તેની ના નહીં; પરંતુ મારાપણાની ભાવના તો એમાં પણ છે જ. 'મા' તો એમાં પણ આવ્યું જ. અહં ને મમ અથવા હું ને મારું તો તેમાં પણ આવે જ છે. ઋષિઓમાં એટલી અપૂર્ણતા હતી એમ શું તમે નથી માનતા?'

મને તે ભાઈના વિચાર નોંધપાત્ર લાગ્યા. પરંતુ એ વિચાર છેલ્લા, આદર્શ ને ધન્યવાદ આપવા જેવા નહોતા એ નક્કી. મને થયું કે એ વિચાર જો જામી જાય ને બીજાની અંદર પણ પોતાનાં મૂળ નાખે તો ભારે અનર્થ થાય, ઋષિઓને સાચા સ્વરૂપમાં સમજી ન શકાય ને તેમને અન્યાય થાય. વિચારની અસર વાયુના જેવી વ્યાપક છતાં વાયુથી વધારે પ્રબળ છે. માનવના મનમાંથી બહાર નીકળીને તે સૃષ્ટિના કણેકણમાં ફરી વળે છે. તેથી મેં તે ભાઈને ખુલાસો કરતાં કહ્યું કે ઋષિને સમજવાની તમે ભૂલ કરો છો. માણસ ગમે તેવી ઉચ્ચોચ્ચ અવસ્થાએ પહોંચે તોપણ, વ્યાવહારિક જગતમાં ઊતરે ત્યારે, પોતાના વિચાર, ભાવ, સિદ્ધાંત કે કાર્યક્રમને રજૂ કરવા માટે તેણે હું ને મારા જેવા શબ્દપ્રયોગોનો આધાર લેવો જ પડે. તે વિના કોઈ પ્રવૃત્તિ કે વ્યવહાર થઈ શકે જ નહીં. પોતના ભાવ ને વિચારની રજૂઆત કરવા માટે તેની પાસે બીજું કોઈ સાધન



જ નથી. પરંતુ પરમાત્મદર્શી મહાપુરુષોના અહં ને મમભાવ તેમને બાધક નથી હોતા. તે ભાવ વ્યવહાર અથવા જીવનની જરૂર પૂરતા જ હોય છે ને તેમાંથી અભિમાન, મમતા કે રાગદ્વેષની સૃષ્ટિની ઉત્પત્તિ નથી થતી એ ખાસ યાદ રાખવા જેવું છે.

અહં ને મમતા એવા સૂક્ષ્મ ભાવો અથવા શબ્દપ્રયોગો ભગવાન શ્રીકૃષ્ણે, ઈશુએ, બુદ્ધે, જરથુસ્તે, શંકર જેવા મહાન અદ્વૈતવાદી આચાર્યે તેમજ ભૂત ને વર્તમાનકાળના બીજા અનેક મહાપુરુષોએ રજૂ કર્યા છે. તે વિના શિષ્યોને ઉપદેશ આપવાનો ને પોતાના વિચાર પ્રકટ કરી બતાવવાનો તેમનો પ્રયાસ સફળ ન જ થાત. તેવો પ્રયાસ થઈ પણ ન શકત. પરંતુ તેવા પ્રયોગો તેમને માટે બંધનકારક નથી થયા. તેમની વિઘાતક અસરોથી તે મુક્ત જ રહ્યા છે. મહાન પુરુષો ને સાધારણ માણસોની અહં ને મમની ભાવના વચ્ચે એ પ્રમાણે આભજમીનનો તફાવત છે.

બીજી વિચાર કરવા જેવી વાત એ છે કે તેવા પ્રયોગો કર્યા વિના શાંતિપાઠ લખે કે કહે પણ કોણ? શાંતિપાઠની ભાવના પણ અહં ને મમ જેવા ભાવોના પ્રયોગ વિના કોણ કરે ને કેવી રીતે કરી શકે? સાધારણ માણસોના જીવનમાં પણ અહંભાવ વ્યવહારને માટે જરૂરી છે. પણ તેનું સ્થાન સૌથી છેલ્લું ને ગાર્ડમાસ્તરનું હોવું જોઈએ. એંજિનડ્રાઈવરના રૂપમાં એને સૌથી વધારે મહત્ત્વ આપીને આગળ બેસાડી દેવાની જરૂર નથી. ગાર્ડનું સ્થાન ગાડીમાં માલિકનું નહીં પણ સંરક્ષકનું છે. તેવી રીતે અહંભાવ માલિકીપણાના અભિમાનથી ઓતપ્રોત થઈ જવાને બદલે જીવનનો સંરક્ષકભાવ બને, તે બીજાની સેવામાં કામ લાગે તો ઘણું ઉત્તમ થાય. તેમ થવાથી તે બોજારૂપ નહીં

બને ને અનર્થ પણ નહીં કરે. એ જ માર્ગ છે ને સાચો ને સારો માર્ગ પણ એ જ છે.

અહંભાવને જીવનમાંથી દેશવટો આપવાની જરૂર નથી. તેનું જીવનમાં મહત્ત્વનું સ્થાન છે ને કામ પણ છે. પરંતુ તેનું સ્વરૂપ વિકૃત બનીને અનર્થકારક, વિસંવાદી ને વિરોધી થવાને બદલે વધારે ને વધારે શુદ્ધ બને, સાત્ત્વિક બને, મંગલમય, મદદરૂપ, સંવાદી ને અનુકૂળ બને તેનું ધ્યાન રાખવાની જરૂર છે. તેમ થશે તો તેથી આપણા માર્ગમાં અંતરાયરૂપ થવાને બદલે એ સદાય સહાયભૂત ને આશીર્વાદરૂપ થઈ રહેશે. તેનો સદુપયોગ કરીને તેમજ તેનો લાભ લઈને આપણે જ્ઞાન મેળવી શકીશું, આપણા ને બીજા અનેકના હિતનું કામ કરીશું, નિરહંકારી ને નમ્ર બનીશું ને પરમાત્માની પ્રાપ્તિ પણ કરી લઈશું.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,

**મોરબી**–૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**–મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૪ જુલાઈ–૨૦૧૨ અંક ૧૦

## શ્રી યોગેશ્વર કથામૃત

**–મા સર્વેશ્વરી**

**સ્થળઃ–૨, નરસિંહનગર, નારણપૂરા, અમદાવાદ**

**તા.૨૨/૪/૮૨ ગુરુવાર ચૈત્રવદ દશમ ૨૦૩૮**

આજે ગુરુવાર સાંઈબાબાની સ્તુતિ નિયમ મુજબ પૂ.શ્રી ને સર્વેશ્વરી કરે છે. લેખનકાર્ય નિયમિત ચાલે છે.

આજે મુલાકાતમાં સરોડાના કાર્યક્રમની જ વાતો થઈ. વળી મુલાકાત બાદ તારાબેન અંબાલાલ(પૂ.શ્રીનાં બેન) આવ્યાં હોવાથી તેમની સાથે પૂ.શ્રી સાડાચાર સુધી વાતો કરે છે. જે જરૂરી હતી. આજે પૂ.શ્રીને આરામનો સમય ઓછો મળ્યો.

સાંજે ૭ થી ૮॥ મુલાકાતનો સમય હતો. ઘણાં ભાઈબેનો આવ્યા હતાં. એ પૈકી બે ભાઈબેનોએ પૂ.શ્રી પાસે મંત્ર લીધો.

બે ત્રણ પ્રશ્નો ચર્ચાયા. ખાસ નોંધનીય ન હતા.

આજે કેનેડાથી શ્રી અંજુબેન મળવા આવ્યાં. તેઓ ફરી કેનેડા ક્યારે આવો છો તે જાણવા ખૂબ ઉત્સુક હતાં. પૂ.શ્રીએ કહ્યું. પ્રભુની ઈચ્છા પ્રમાણે આવવાનું બનશે.

અંજુબેને કેનેડાના ધ્યાનકેન્દ્રની માહિતી આપી. પૂ.શ્રીએ

સમય થતાં વેફર શાક વગેરે લીધું ને આરામ કર્યો.

**તા. ૨૩/૦૪/૮૨ શુક્રવાર**

આજે પૂ.શ્રીએ સવારે નિયમ મુજબ લેખનકાર્ય કર્યું. જપ, વ્યાયામ તો નિયમિત જ હોય. મુલાકાતની આજની બેઠકમાં રાજકોટથી શ્રીપુરુષોત્તમભાઇ, વડોદરાથી શ્રીજીતુભાઇ, કલ્પુ વગેરે મળ્યાં. પૂ.શ્રીએ શ્રીપુરુષોત્તમભાઇને રામચરિત માનસની વાત કરીને રામાયણની થોડી પંક્તિ ગાઇ સંભળાવી. શ્રીજીતુભાઇ સાથે શિબિરની થોડી વાતો થઇ. પછી પૂ.શ્રીએ આરામ કર્યો.

આજના ભોજનમાં પૂ.શ્રીએ બુંદી લીધી. જે ભાવે તે એક જ વાનગી લઇને ભોજન પૂરું કરવું. પૂ.શ્રી એ રીતે આજે પણ એક જ વાનગી લે છે.

આજે પરમપૂજ્ય માતાજીની પુણ્યસ્મૃતિમાં પ્રકાશ કન્યા વિદ્યાલયની અંધ બેનોને મીઠાઇ ને ફરસાણ આપવામાં આવ્યાં. એ સંસ્થા મેમનગરમાં આવેલી છે. ૨૫ વરસ જૂની સંસ્થા છે. ૮૦ જેટલી બેનો ત્યાં રહી ભણે છે. સંસ્થામાં સ્વચ્છતા સારી હતી અંધબેનો પોતાની જાતે જ બધાં કામો કરતી હતી.

ત્રણ વાગ્યે ભાવનગર આવવા તૈયારી કરી લીધી. સાડાત્રણ વાગ્યે વિદાય આપનાર ભાઇબેનો આવવા લાગ્યાં.

યજમાન પરિવારે આરતી ઉતારી, ફૂલહાર અર્પણ કરી વિદાય આપી. સાડા અગીયાર વાગ્યે વિદાય થયા ત્યારે ભાવનગર આવવા માટે શ્રી જીતુભાઇની દીકરી કલ્પુ કોલેજમાં અભ્યાસ કરતી તે પણ સાથે હતી. કલ્પુને વેકેશન હતું અને પૂ.શ્રી અને સર્વેશ્વરીએ તેને ભાવનગર આવવા ને સત્સંગનો લાભ લેવા જણાવ્યું જેથી તે આજે ગાડીમાં સાથે હતી.

ભાવનગરના જાણીતા મિલમાલિક શ્રી બકુભાઇ શેઠની ગાડી ગઇકાલની આવી ગઇ હતી. એમાં બેઠા. ગાડીના કંઇક બગાડને લીધે ખૂબ ધીમી ગાડી ચાલી. પરિણામે છેક સાડા નવ વાગ્યે



ભાવનગર પહોંચવાનું બન્યું.

સરદારનગરના એ પરિચીત સ્થાન ''સુભાષ''માં આવ્યા ત્યારે પચ્ચીસ જેટલાં ભાઇબેનો બે કલાકથી રાહ જોતા ઊભાં હતાં. ગુરુદેવ યોગેશ્વર કી જય, જ્યોતિર્મયી માત કી જય, સર્વેશ્વરી માત કી જય સાથે સૌ એ સ્વાગત કર્યું. મેદાનમાં એક લાકડાનો પાટ અને એક ખુરશી મૂકવામાં આવ્યાં હતાં ત્યાં બેઠક લીધા બાદ સામેના પાથરણા ઉપર સૌ કોઇ બેઠાં. સૌએ ફૂલહારથી સ્વાગત કર્યું.

પૂ.શ્રીએ પૂ.માતાજીનું પવિત્ર સ્મરણ કરતાં થોડી વાતો કરી. સૌ વિદાય થયા. પૂ.શ્રીએ સ્નાન કરી લીધું.

પૂ.શ્રીએ બહાર મેદાનમાં જ આસન ઉપર બેસી બટાકાવડા ને દૂધનો હળવો નાસ્તો લીધો. પછી આરામ કર્યો.

**તા. ૨૪/૦૪/૮૨ શનિવાર 'સુભાષ' સરદારનગર ભાવનગર–૧**

આજે છ વાગ્યે સવારે સર્વેશ્વરી મૌન રાખી શ્રીનારાયણભાઇ સાથે ફરવા જાય છે. પૂ.શ્રી પોતાના નિયમ મુજબ વ્યાયામ, જપ કરી લેખનકાર્ય કરે છે. આજકાલ નોંધ પણ કરે છે.

સાડા અગિયાર વાગ્યે બહાર ખુલ્લામાં ઝાડ નીચે બેસી પૂ.શ્રી દાળભાત શાકનું ભોજન લે છે. ભોજનબાદ ત્યાં જ મુલાકાત શરૂ થાય છે. છાંયડો પૂરતો છે. બે ખુરશી મૂકી છે. દશેક ભાઇબેનો બેઠાં છે. પૂ.શ્રીએ સરોડાના તાજેતરના કાર્યક્રમની વાતો ઉપરથી સરોડાની વાતો કરે છે.

પૂ.માતાજી બોધાનંદ ને સોમાનંદ સંન્યાસી પાસે જતાં તે અંગે વાતો કરી. વળી ગામની થોડી વાતો કરી. કથાકારો ને ભક્તોની થોડી ચર્ચા થઇ. દોઢ વાગી ગયો. મુલાકાત પૂરી થઇ. સૌને પ્રસાદ વહેંચાયો. સૌ વિદાય થયા.

પૂ.શ્રીએ છાશ લીધી. થોડો આરામ કર્યો.

દોઢ વર્ષ પછી ભાવનગર આવવાનું બન્યું. પૂ.માતાજીનું

પાર્થિવ શરીર આજ ભૂમિમાં શાંત થયું હતું. એ જ આ ઉતારો છે. જ્યાં પૂ.માતાજી રહ્યાં હતાં. અંતિમ દિવસો હોસ્પીટલમાં જતાં પહેલાં અહીં જ પસાર થયેલા. આ ઉતારો આ ભૂમિ ઉપર પૂ.માતાજીના સવિશેષ સંવેદનશીલ સ્મરણો સંકળાયેલાં છે. વરસો સુધી જેઓ પોતાની તપશ્ચર્યાનાં સાક્ષી રહ્યાં તેઓ આ ભૂમિ ઉપરથી કાયમી વિદાય લે એટલે સ્વાભાવિક છે, આ ભૂમિ વિશેષ મહત્ત્વની મનાય. જે સ્મશાન(રાજા મોક્ષ મંદિર)માં પૂ.માતાજીનું અગ્નિસંસ્કાર થયો તે સ્થાનમાં પૂ.માતાજીનો સુંદર ફોટો મૂક્યો છે. પૂ.શ્રીની ઇચ્છા ત્યાં આરસનું નાનકડું સ્થાન સ્મૃતિરૂપે થાય એ હતી પણ સ્મશાનનું ટ્રસ્ટી મંડળ એ માટે લાચાર હતું. જેથી ફોટો મૂકીને જ સંતોષ માનવો રહ્યો.

આજે પ્રથમ પ્રવચન ટાઉનહોલમાં થશે. ભાવનગરમાં આજના પ્રવચનમાં પૂ.માતાજી વિના પૂ.શ્રી મંચ ઉપર પ્રથમવાર બિરાજશે. દોઢ વર્ષ ઉપર પૂ.માતાજી એક જ દિવસ પ્રવચનમાં આવી શક્યાં હતાં. પછી શરીર શાંત થયું.

સાંજે ૬ વાગ્યે પ્રવચન સ્થળે જવા નીકળ્યા. ભાવનગરમાં ટાઉનહોલ વિશાળ જગ્યા છે. ત્યાં હોલમાં મંચ છે. પૂ.શ્રીની એક ઉંચી બેઠક તૈયાર હતી. સર્વેશ્વરીની મંચ ઉપર નીચે બેઠક હતી. પૂ.શ્રીએ એ બેઠક અલગ પાટ ઉપર સહેજ ઉંચી કરાવડાવી. પ્રવચન શરૂ થયું. પ્રવચન પહેલાં શ્રી નારાયણભાઇ જાનીએ પ્રાસંગિક બે બોલ કહ્યા. પ્રવચનબાદ ઉતારા ઉપર આવી જવાનું બન્યું.

ઉતારા ઉપર આવવા ને પ્રવચન સ્થળે જવા શ્રી બકુભાઇની ગાડી આવી હતી. ઉતારા ઉપર આજે બહાર મેદાનમાં પૂ.શ્રીએ ખીચડી, શાક, દૂધ લીધાં. પછી આરામ કર્યો.

**(ક્રમશઃ)**



# અરજ સુણો એક આજ

—પરમાર્થી

**(થાળનું પદ)**

અરજ સુણો એક આજ, અમારી
  અરજ સુણો એક આજ!
આરોગવા આજ આવો ભૂધરજી,
  નહીં તો જાશે લાજ,
ભૂધરજી, અરજ સુણો એક આજ!
  જ્ઞાની, યોગી, ભક્ત અમે ના
સઘળાં અબુધ ગમાર
  પાપનાં પલ્લાં ભારી છતાંયે
કરીએ આજ પુકારઃ
  નિર્બલના બલ તમે ગણાતા, આવો ગરીબ નિવાજ!
ભૂધરજી, અરજ સુણો એક આજ!
  જે મળ્યું તે ભાવથી મૂક્યું,
વચન કરો પ્રભુ યાદઃ
  "ફળ ફૂલ પાણી આરોગીશ" એ
રણભૂમિનો સાદ!
  કરવા સાર્થક સત્વર આવો, સજાવીએ સૌ સાજ!
ભૂધરજી, અરજ સુણો એક આજ!

# શ્રીયોગેશ્વરજીની સંક્ષિપ્ત જીવનકથા

—ડૉ. અરૂણિકા મનોજ દરૂ

## ઉપસંહાર

યોગેશ્વરજીએ જીવનભર જે કાર્ય કર્યું છે તે સામાન્ય રીતે વ્યક્તિ ભાગ્યે જ કરી શકે છે. એ કાર્ય કોઈ સંસ્થા દ્વારા થયેલ જેટલું માતબર છે. નમ્રતા, ધીરજ, શ્રદ્ધા, સંયમ, ત્યાગ, અપરિગ્રહવૃત્તિ તેમજ સમર્પણભાવ તેમના ગુણવિશેષ હતા. તેમણે હંમેશા સમયનો સદુપયોગ જ કર્યો. મનમાં જે શુભ વિચાર જાગે તેને નિષ્ઠાપૂર્વક વળગી રહી, સતત પુરુષાર્થ કરી. અથાક પ્રયત્ને સાકાર કરવાની તેમને આદત હતી. ફલસ્વરૂપે દેવદુર્લભ દર્શન આત્મતત્ત્વનો સાક્ષાત્કાર, દિવ્યજ્યોતિનાં દર્શન પામી શક્યા.

યોગેશ્વરજીને ઈશ્વર પર પારાવાર પ્રેમ, ઈશ્વરને પ્રાપ્ત કરવાની લગની પણ અથાક પ્રશંસનીય. શ્રીરામકૃષ્ણ પરમહંસની પેઠે ઈશ્વરને મા જગદંબારૂપે ભજવાનું તેમને ગમતું. માની કૃપા મેળવવા જપતપ કરવામાં તેમણે પાછું વાળી જોયું નહીં. રાતોની રાતો તેમણે ઉજાગરા કર્યા. ધ્યાન ધર્યું. સાધના કરી. પ્રાર્થના કરી. ઉપવાસો કર્યા. આ સર્વ સામાન્યજન માટે અતિ વિકટ એવા આયાસોએ તેમને સિદ્ધ પુરુષ યોગેશ્વરની કોટિએ પહોંચાડ્યા.

તેમના જીવન વિષે સંક્ષેપમાં કહેવું હોય તે એમ કહી શકાય કે તીર્થયાત્રા, લેખનયાત્રા, સાધના, પ્રાર્થના તથા ઉપવાસ એ પંચવૃત્તિનો રાસાયણિક સરવાળો એટલે યોગેશ્વરજીનું જીવન ત્રેસઠ વર્ષના જીવનફલકમાં—એમાં શરૂઆતના વીસ—બાવીસ



વર્ષ તો પ્રત્યેક જનના જીવન વિષેની સમજ મેળવવામાં જ જાય એટલે બાકીના ચાર દાયકામાં એમણે ઘણું ઘણું કાર્ય કર્યું. તેમણે પોતાની નિજી લક્ષ્યપ્રાપ્તિ પછી લોકહિતાર્થે, પરજનહિતાર્થે પ્રવૃત્તિ આરંભી.

આ બાળ બ્રહ્મચારી હિમાલયનિવાસી યોગી, સાધક, સ્થિતપ્રજ્ઞ, મહામાનવ રાષ્ટ્રભક્ત પણ હતા. સારા સાહિત્યકાર પણ જેવું સાદું છતાં ઉચ્ચ કક્ષાનું જીવન તેવું જ ઉમદા સમૃદ્ધ સાહિત્ય તેમની પાસેથી મળ્યું. જેવું સુંદર ઉજ્જવલ પવિત્ર જીવન તેવું જ અવિસ્મરણીય અદ્‌ભુત મૃત્યુ. જીવનમાં સતત પુરુષાર્થ કરનારને યોગ્ય હતી તેમના જીવનની અંતિમ પળો. ૧૯૮૪નો ધૂળેટીનો દિવસ  તા. ૧૮મી માર્ચનો કાંદિવલીમાં લક્ષ્મીનારાયણના મંદિરમાં ભાગવત પર પ્રવચન આપતાં આ મહામાનવ દિવ્યપુરુષની વાતો કરતાં કરતાં પ્રભુની દિવ્યજ્યોતિમાં વિલીન થઈ ગયા. મૂકી ગયા પાછળ તેમનાં સત્કર્મની સૌરભ. અન્યને પથપ્રદર્શક બની શકે એવાં નમૂનેદાર આદર્શ જીવનકાર્યો.

## મા સર્વેશ્વરી

યોગેશ્વરજીના એ જીવનકાર્યને પછીથી વેગ આપ્યો મા સર્વેશ્વરીએ. શ્રીરામકૃષ્ણ પરમહંસે યુગપ્રવર્તનનું કાર્ય કર્યું એમના એ શુભારંભને પછીથી વેગ આપ્યો તેમના લીલાસહધર્મચારિણી શ્રીમા શારાદામણિદેવીએ. શ્રીરામકૃષ્ણે લગ્ન કર્યા છતાં સદૈવ બ્રહ્મચર્યનું પાલન કરેલું. અનુકૂળ સમયે તેમણે પત્ની શારદામણિની વિધિવત્ ષોડશીપૂજા કરી તેમને શ્રીમા શારદાનું સર્વોચ્ચ પદ અર્પેલું—યોગેશ્વરજી તો બાળબ્રહ્મચારી જ હતા. એમણે સમર્પણભાવે અનન્ય નિષ્ઠાથી,

તનમનધનથી તેમની તથા તેમના પૂ.માતુશ્રી જડાવબહેન ઉર્ફે મા જ્યોતિર્મયીની સેવા કરનાર સત્સંગી સરોજબહેન ભક્તની વિધિવત્ ષોડશી પૂજા કરી તેમને મા સર્વેશ્વરીનું મંગલ બિરુદ અર્પેલું. શ્રીરામકૃષ્ણે આરંભેલા કાર્યને વેગ આપ્યો શ્રીમાએ, યોગેશ્વરજીએ આરંભેલા સત્કાર્યને વેગ આપી રહ્યાં છે મા સર્વેશ્વરી તેઓ પ્રચારમાં નહીં, પણ પ્રસારમાં માને છે.

મહાત્મા યોગેશ્વરજીની આધ્યાત્મિક પ્રજ્વલિત જ્યોત તે મા સર્વેશ્વરી. ૧૯૪૩ના ૧૩મી નવેમ્બરે તેમનો જન્મ થયેલો. વ્યારા તાલુકાનું નાનકડું ગામ કપૂરા તેમનું વતન. શિક્ષિકાનો વ્યવસાય કરતાં શાળાના આચાર્યા બન્યાં. વિદ્યાર્થીઓ અને શિક્ષકગણનાં પ્રીતિપાત્ર, આદરપાત્ર બન્યાં. યોગેશ્વરજીનાં પ્રવચનો સાંભળીને આ સદ્‌ગુણી યુવતીના સંસ્કારી આત્માને સાચી દિશા મળી. યોગેશ્વરજીને તેમણે ગુરુ અને ઈષ્ટદેવ માન્યા. અનન્ય ગુરુભક્તિ, કઠિન તપસ્યા, વ્રતનિયમનું પાલન, નિયમિત ઉપવાસ, પ્રાર્થના અને સાધનાએ, ગુરુકૃપાનો અનુભવ થયો. સરોજમાંથી સર્વેશ્વરી– સહુનાં પૂજનીય 'મા' બન્યાં.

ગુરુદેવ યોગેશ્વરજી પર ૧૯૭૯માં હૃદયરોગનો હુમલો થયો ત્યારે તેમની સેવા કરવાની તક મા સર્વેશ્વરીએ વધાવી લીધી. ગુરુદેવની સેવાશુશ્રૂષા માટે આચાર્યપદનું તત્કાળ રાજીનામું લખી મોકલ્યું. અને તે ક્ષણથી સારું જીવન ગુરુદેવને સમર્પિત કરી દીધું. ત્રણ દિવસ અને રાત પાણી પણ પીધું નહીં. ત્યારબાદ ઓગણીસ દિવસ માત્ર રોજ છાશના એક ગ્લાસ પર દિવસરાત ઊંઘ્યા વગર વીતાવ્યા. ત્યારપછી તો ગુરુદેવને પગલે તેમના ઉપવાસોની પરંપરા ચાલુ થઇ ગઇ. ગુરુદેવના દેહાવસાન બાદ અનાજનો ત્યાગ કર્યો તે વાતને આજે અઢી દાયકાથી વિશેષ સમય થયો તેઓ એકાંતરે નિર્જળા ઉપવાસો કરે છે. આકરાં



જપ, તપ, પ્રણામ એવી તેમની સાધના નિયમિતરૂપે અવિરત ચાલુ છે. ગુરુદેવને પગલે ચાલીને તેમણે ઊંઘ અને આહાર બન્ને વર્ષોથી ત્યજ્યાં છે.

મા સર્વેશ્વરી તેમના ગુરુદેવ યોગેશ્વરજીની જેમ વિદેશયાત્રા કરી ભારતીય સંસ્કૃતિના પ્રસારનું મંગલકાર્ય હોંશભેર કરી રહ્યાં છે. ગુરુદેવની જેમ તેમનું નિયમિત ડાયરીલેખન ચાલુ છે. તેમના 'દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ' અને 'શ્રીયોગેશ્વર કથામૃત' એવા બે ગદ્યસંગ્રહો પ્રકાશિત થયાં છે. તેમનાં 'અર્ઘ્ય' અને 'અંજલિ' એવા બે કાવ્યસંગ્રહમાં સ્વરચિત સુંદર સુગેય હૃદયસ્પર્શી ભજનો છે. તેમનો કંઠ અજબ ખુમારીભર્યો, ઋજુ અને મધુર છે તેમનાં ભજનોની ઘણી કેસેટો બહાર પડી છે. છેલ્લા એક દાયકાથી તેમણે મૌનવ્રત ધારણ કર્યું છે. શ્રદ્ધાપૂર્ણ અનન્ય ગુરુભક્તિ, અનન્ય સમર્પણભાવ અને અનન્ય પ્રભુપ્રીતિનો અદ્‌ભુત ત્રિવેણીસંગમ એટલે પૂ.મા સર્વેશ્વરી. પૂ. યોગેશ્વરજીએ પ્રગટાવેલી જ્યોતને વધુને વધુ પ્રજ્વલિત કરવામાં એમનું જે યોગદાન છે તે પ્રશંસનીય છે. તેના પૂજ્ય ગુરુદેવ યોગેશ્વરજીને પુનિત પગલે ચાલીને લોકહિતની પ્રવૃત્તિઓની પરંપરા ચાલુ રાખી, તેમણે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે તથા યોગેશ્વરજી સ્થાપિત સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટનું નામ પણ સાર્થક કર્યું છે.

પૂ. મા સર્વેશ્વરી એમની આંતરિક ગુણસમૃદ્ધિથી તેમના પરિચયમાં આવનાર સર્વ ભક્તજનોને તેજોમય સ્વરૂપે ઊર્ધ્વપંથે પ્રયાણ કરાવતા રહ્યાં છે. ગુણગ્રાહી, સ્વયંસિદ્ધ, કરુણાવત્સલ, ગુણનિધિ ભગવતી મા સર્વેશ્વરીનું જીવન ધન્ય છે. સહુને માટે પ્રેરણાદાયી છે. આવા સંતોથી ભારતભૂમિનું ભાવિ ઉજજવલ છે.

**(સમાપ્ત)**

# એક અભિનવ પારાયણ(૪)

—જ્યોત્સ્નાબેન ત્રિવેદી

**પ્રકરણ ૩૯ થી ૪૯ ભિક્ષુઅખંડાનંદની મદદ, ચંપકભાઈનો પરિચય અને બીજી વાતો**

પૂ.શ્રીમા લખે છે દહેરાદૂનમાં માંદા ડોસીમાને મળે છે ત્યારે પૂ.શ્રીની ઉંમર ૨૧—૨૨ની હતી. પૂ.શ્રીના સ્પર્શથી દર્દ મટી જવાની વાત છે. છેક ૨૧—૨૨ની ઉંમરથી એવી સહજશક્તિ પૂ.શ્રીમાં હતી, એ શક્ય છે. અમે ૧૯૮૦માં ભાઈલાલભાઈને ભાવનગરમાં મળેલા. તેમણે એક વાત કરેલી. પૂ.શ્રીએ પણ અમને એજ વાત કરી. ભાઈલાલભાઈને એપેન્ડીક્ષનું દર્દ હતું. પૂ.શ્રીએ શરીરના એ ભાગ ઉપર હાથ ફેરવ્યો અને કહ્યું મટી જશે, તો ભાઈલાલભાઈ જીવનભર ઓપરેશનમાંથી મુક્ત રહ્યા. પૂ.શ્રીના સંસ્પર્શની એ શક્તિ હતી. ૧૯૮૨માં અમને તાવ આવતો હતો. પૂ.શ્રી કહેતા, લાવો હું જ દવા આપું છું. દવાની શીશી કે ટીકડી હાથમાં લે, પછી જ માને આપે. અમે પૂછતાં ''આનાથી શું ફેર પડે?'' તો કહે, ''સામાન્ય વસ્તુ પણ મહાપુરુષના સ્પર્શથી પ્રસાદ બની જાય છે. અમારી પ્રાર્થના, કૃપા, આશીર્વાદ એના સ્પર્શથી ભળે છે અને એ દવા નહીં પણ પ્રસાદી બની જાય છે.'' એટલે પોતાની પાસે અનેક સિદ્ધિ હતી છતાં ક્યાંય કદી જણાવવા ના દીધી.

અમે ઝાંબિયામાં લીવીંગ્સ્ટન શહેરમાં પ્લેનમાંથી ઉતર્યા. એરપોર્ટ ઉપર ૫—૧૦ ભક્તો લેવા આવ્યા. તે બધા જ અજાણ્યા હતા. તે બધામાં એક ભાઈ કહે—''તમે મારા પર ખૂબ



કૃપા કરી. તમે છેક અહીં આ શહેરમાં મારી જ પાસે આવ્યા. પૂ.શ્રીને નવાઈ લાગી. આમ કેમ બોલે છે?'' એ ભાઈ આપણને જાણતા નથી. પછી તો એ શહેરમાં ૭ દિવસ પ્રવચનો ગોઠવ્યાં. પૂ.શ્રી સ્ટેજ ઉપરથી ઉતરે એટલે એ ભાઈ પગથિયે ઊભા રહે. હોલમાં ઘણા શ્રોતા હોય પણ એ ભાઈ પગથિયે આવીને પ્રણામ કરે ને કહે તમે મારે માટે જ દક્ષિણેશ્વરથી આવ્યા! રોજ એવું બોલે. પૂ.શ્રી માને કહે, તમે પૂછજો એ ભાઈ એવું કેમ બોલે છે? તો કહે, તમારા આવતા પહેલાં મને સ્વપ્ન આવ્યું તેમાં મા તમે પણ પૂ.યોગેશ્વરજીની સાથે સફેદ વસ્ત્રમાં હતાં ને સ્વપ્નમાં મને અવાજ સંભળાયો કે આ તો દક્ષિણેશ્વરથી આવે છે. રામકૃષ્ણ દેવ, શારદા મા—તો તું તેની સેવા કરજે તેનો લાભ લેજે એટલે મા તમે યોગેશ્વરજીને કહેજો કે મારે ઘેર પધારે અને એક દિવસ સાચે જ પૂ.શ્રીએ હા પાડી. અમે એમના ઘરે ગયા. એ ભાઈ અમારી સાથે જ બીજી ગાડીમાં હતા. ઉતર્યા, પોતે તો પેન્ટ શર્ટ પહેર્યું હતું. મંદિરના રૂમમાંથી ભગવો રૂમાલ લાવી વીંટી દીધો ને પૂ.શ્રીની ભાવથી આરતી ઉતારી—ફળ ફૂલ ધર્યાં—ભાવથી પ્રણામ કર્યા. તેમણે કહ્યું, મને ઘણીવાર આ રીતે સ્વપ્ન દ્વારા સંદેશ મળે છે. અમને તો પત્રિકા મળી ત્યારે જ ખબર પડી કે કોઈ સંત પધારે છે. મારા સ્વપ્નમાં તમે બંને સફેદ વસ્ત્રોમાં હતાં. તેવાં જ મેં એરપોર્ટ ઉપર જોયાં એટલે સ્વપ્નમાં એ ભાઈને જે દર્શન થયું તે સાચું પડ્યું. દહેરાદૂનમાં આ પ્રકરણમાં ડોસીમાના પુત્રને પણ એવું જ સ્વપ્ન આવ્યું હશે. એટલે પવિત્ર હૃદયમાં એવા પડઘા પડે એ સ્વાભાવિક છે.

લોસ એન્જલસમાં જયાબેનને કીડનીની મુશ્કેલી ઊભી થઈ. ડૉક્ટરે કહ્યું, હવે કોઇ ઉપાય નથી. તે જ રાત્રે એને સ્વપ્નમાં પૂજ્ય શ્રીનું દર્શન થયું. જે જે ભાગ ઉપર તકલીફ હતી ત્યાં જ પૂ.શ્રીના હાથની આંગળી ખૂબ ખૂબ લાંબી થઈને બતાવતી હતી કે તમને અહીં તકલીફ છે? મટી જશે. ચિંતા ના કરો. આ બધી વાતો કૃપા જગતની છે. મહાપુરુષ કોને ક્યારે ક્યાં અને કેવી રીતે સહાય કરે તેનું કોઇ ગણિત આપણી પાસે નથી. આપણું કામ એની મદદ માંગવાનું છે, એનું કામ આપણી પ્રાર્થના મંજૂર કરવાનું છે. લીવીંગસ્ટનના તે ભાઈએ પૂ.શ્રીની આત્મકથા પણ જોઈ ન હોતી. નામ પણ જાણતા ન હતા. સ્વપ્નમાં જે દેખાયું તે કેવું શક્ય થઈને સામે મળ્યું. તે ભાઈનું નામ વલ્લભભાઇ. યોગતીર્થમાં કદાચ તેમનો ફોટો હશે. પાત્રતા હોય તેને પ્રભુ જણાવતા હશે.

ઝાંબિયામાં અમે લુસાકા શહેરમાં ગયાં. અમે જ્યારે લીવીંગસ્ટન હતાં ત્યારે લુસાકાના બચુભાઈ દેસાઈ અમને ત્યાં મળ્યા, ખૂબ આગ્રહ કર્યો. હે બાપજી! તમે આવો તો મારે ત્યાં જ ઉતરજો. લુસાકા અમે પ્રવચન માટે ગયા તો પહેલા દિવસે જ બચુભાઈ મળ્યા. પૂ.શ્રીને ખૂબ આગ્રહ કર્યો. પૂ.શ્રી એમને ત્યાં પધાર્યા. બચુભાઈ પોતાના બધા સ્વજનો, મિત્રોને તેડીને કમ્પાઉન્ડની બહાર ભજન મંડળી સાથે ઊભા હતા. ભજન કરતાં કરતાં પૂ.શ્રીને અંદર લઈ ગયા. ને પછી બચુભાઈએ આરતી શરૂ કરી. આરતી તો ખૂબ લાંબી હતી દત્તાત્રયની. બધા ગાતા હતા ને બચુભાઈ આરતી ઉતારતા હતા. આરતી પૂરી થઈ. ગાનારાઓએ આરતી પૂરી કરી તો પણ બચુભાઈ આરતી ઉતારતા હતા. ઘણી ઘણી મિનિટો પછી આરતી બંધ કરીને પૂ.શ્રીને ચરણોમાં દડંવત પ્રણામ કરીને રડી પડ્યા. બાપજી, આજે તમે બાપજી ન હતા! પૂ.શ્રી કહે, હું તો જે છું જ તે જ છું, તો બચુભાઈ કહે, બાપજી તમારું રૂપ આખું બદલાઈ ગયું, તમારા મસ્તકે જટા હતી. શરીરે ભસ્મ હતી. દત્તાત્રેય તમે જ હતા. એટલે પાત્રતા હોય તેને પ્રભુ કૃપા કરીને જણાવે.



અમારી પણ એક પ્રાર્થના સરસ સંભળાઈ હતી. અમે યાત્રામાં હતાં. પૂના ઈંદિરાદેવીના દર્શન કરવા અમે જતા હતાં. આખી બસ ભક્તોથી ભરેલી હતી. રસ્તે અમે એક ચીઠ્ઠી લખી તે ચીઠ્ઠી પર્સમાં મૂકી. ઈંદિરાદેવીનું સ્થાન આવી ગયું. બસમાંથી ઉતરતાં પહેલાં અમે કડક સૂચના આપી કે મા તમારા બધાંની સાથે તમારી જેમ જ ઈંદિરાદેવીના દર્શન કરશે. કોઈએ પરિચય આપવાની જરૂર નથી. કોઈએ ઓશીકા કે ગાદી લેવાના નથી. બધાંની સાથે પાછળ પાછળ મા આવશે ને તમારી સાથે જ બેસશે. કોઈપણ સંતના દર્શને જવાનું હોય તો બાળક બનીને જવાનું હોય. ત્યાં કોઈ સન્માન કે વિશેષ આસનની આશા ના રાખવી. એટલે અમે ૩૦–૩૫ હતાં. બધા વારાફરતી એમના ઓરડામાં દાખલ થયાં. બધા પ્રણામ કરીને બેસી ગયા. અમે પણ બધાંની વચ્ચે પાછળ પાછળ પ્રવેશ કર્યો. જેવા અમે પગે લાગવા ગયા તો અમને અડધેથી અટકાવીને આલિંગન આપીને પાસે બેસાડી દીધાં! કલ્પના પણ ન હતી, પરિચય ન હતો. અમારી મુલાકાત લગભગ ૧ કલાક ચાલી. માને તેમણે પોતાના આસન પર જ બેસાડ્યાં. મુલાકાત પુરી કરી. અમે બસ પાસે આવ્યાં. બધા નીચે જ હતા. કલ્પુને કહ્યું, પેલું પર્સ નીચે

લઈ આવ. ચીઠ્ઠી મૂકી હતી તે કાઢી. અમે રસ્તે પ્રાર્થના લખી હતી. ''હે સિદ્ધ કક્ષાએ બિરાજનાર ઇંદિરાદેવી, જો અમારી આજ સુધીની સાધના સાચી હોય તો વધાવજો. પ્રભુજી જેને જણાવવા માંગે તેને જણાવે.''

**પ્રકરણ : ૫૦ વસુધારાનો વૈરાગી**

પૂ.માની કલમઃ— ૧૯૮૮—૮૯—૯૦ની વાત છે. ભગવાનજીભાઈ કંચનબેન સાથે મા લંડનના એરપોર્ટ પર બેઠા હતાં. ત્યાં એક સુઘડ વેષવાળા ભક્ત પુરુષ સામેથી આવ્યા. કોઈપણ પરિચય વગર અમને પગે લાગ્યા. ને પછી દૂર ખુરશી પર બેસી ગયા. ને સતત માને જોયા કરે. અમને થયું કે આ કોઈ વિશેષ પુરુષ લાગે છે. પણ કોણ હશે? પછી ભગવાનજીભાઈ તેમની પાસે ગયા, પૂછ્યું— આપનો પરિચય—તો કહે હું લંડન યુનિ.માં દર વર્ષે લેકચર આપવા આવું છું. દિલ્હીની યુનિવર્સિટીનો ડીન છું. પછી પ્રભુની યોજના કેવી છે તે જુઓ. જે પ્લેનમાં અમારે મુંબઈ આવવાનું હતું તેજ પ્લેનમાં તે ભાઈ આવ્યા. માની પાછળની સીટ ઉપર તેમનો નંબર હતો. બેઠા પછી પાંચ મિનિટ પછી ઊભા થયા ને ભગવાનજીભાઈને પૂછે, મારાથી માને મળી શકાય? મારે પ્રણામ કરવા છે ફરીથી આશીર્વાદ લેવા છે. પછી તો માની સીટ પાસે આવીને બેઠા વાતો કરી, ફરી પ્રણામ કર્યા. આશીર્વાદ માંગ્યા. ભગવાનજીભાઈએ પૂછ્યું કે તમને કેવી રીતે જાણ થઈ કે આ મા છે? તો કહે, જેવો એરપોર્ટમાં દાખલ થયો ને જોતાં જ અંદરથી થયું કે આ કોઈક વિશેષ તો છે. એણે પ્રણામ કર્યા. જેને પ્રભુ જણાવવા માગે તેને જ જણાવે. આવા તો અસંખ્ય પ્રસંગો



યાત્રામાં બનતા રહે છે. જે થોડા પગલાં ચાલે તેને પ્રભુ સામેથી આવી પરિચય કરાવે. વિદેશમાં પણ એવાં કેટલાક પાત્રો મળતાં રહે છે. આપણે તો 'પ્રકાશના પંથે'નું પારાયણ કરવા બેઠા છીએ આ બધી વાતો તો ખૂબ લાંબી છે. સ્લેટમાં પૂ.શ્રીની ઈચ્છાથી જેટલું પીરસાય તેટલું પૂરતું છે. વધુ મીઠાઈ તમારું પેટ પચાવી ન શકે. એટલે આટલો પ્રસાદ પૂરતો છે.

શાંતિભાઈનો ૭૫ વર્ષનો જન્મોત્સવ પૂરા કરીએ. વિદેશના ભક્તો તરફથી ચંદ્રકાંતભાઈ હાર અર્પણ કરશે અને શાંતિભાઈને ફૂડ પેકેટનો હાર પહેરાવી સન્માન કરાય છે. બેઠક પછી ઊભા રહી વાતો ન કરવી. મૌન રાખીને મચ્છરની ભાષામાં વાત કરતાં શીખો. કીડી જેમ ચાલતાં શીખો.

**પ્રકરણ ૫૧ થી ૫૩ ત્રિકાળજ્ઞ મહાત્માનો મેળાપ**

માની કૃપા માટે ત્રણ દિવસનું વ્રત, દેવ પ્રયાગનું પ્રથમ દર્શન.

પૂ.શ્રી માની કલમઃ—દીવાળી ઉપર જ અનસ્ત સૂર્યનું પ્રકાશન થયું. તરલાબેનને અમે વાત કરી કે આનું અંગ્રેજી હશે. તરલાબેનની સોસાયટીમાં જ રહેતા એક પ્રોફેસરબેનને તરલાબેન મળ્યાં. તે ખુશ થઈ ગયાં. હા, હું અંગ્રેજી અનુવાદ કરીશ. એમણે ૫૨ પ્રકરણનો અંગ્રેજીમાં અનુવાદ કરી પણ દીધો છે ને તે દિવસે તરલાબેન પર ફોન આવ્યો. ''આ ગ્રંથમાં જે માનો પરિચય છે તેમને મારે મળવું છે.'' તરલાબેન કહે ''તે—તો સ્વર્ગારોહણ છે. મારે તો મળવું જ છે પણ મારા ફોઈને પણ ખાસ મળવું છે''—તો તે બહેન કહે, ''તમારા આ ૫૩મા પ્રકરણમાં જે દામોદરદાસ શેઠની વાત છે તે મારા દાદાજી છે.

ને મારાં ફોઈ દાદાજી સાથે ત્યારે તે યાત્રામાં હતાં ફોઈને ખાસ મળવું છે.'' જાગાણીની વિદાયને બીજે દિવસે તેઓ માને મળવા આવવાનાં હતાં. એમણે આ સમાચાર આપ્યા કે આજે તો અમે જાગાણીની પ્રાર્થના સભામાં છીએ. પ્રભુ ક્યારે કોને કેવી રીતે મળે તેની આ વાત છે. ફોઈ તો વૃદ્ધ થઈ ગયાં હશે. જીવતાં હશે તો મળીશું.

અમે પૂ.શ્રી સાથે દક્ષિણભારતની યાત્રામાં હતાં. મદ્રાસ જવાનું થયું તો ત્યાં પૂ.શ્રીનાં પ્રેમીભક્ત લાભુ બ્હેનને મળ્યાં. તે લાભુબ્હેન પૂ.શ્રીને ચંપકભાઈને લીધે ઓળખતાં. અમે તેમને કહ્યું તમારી ઉપર પૂ.શ્રીએ પત્રો તો લખ્યા જ હશે કહે, 'હા'. છે. તો મને મળે! તો કહે, હું શોધીને આપીશ. તે પછી પૂ.શ્રીનું શરીર શાંત થઈ ગયું. અમે મદ્રાસ ગયાં ત્યારે સરનામા પ્રમાણે તેમની શોધ કરી. મળ્યાં ત્યારે પાછું અમે યાદ કરાવ્યું તો કહે પત્રો ખૂબ કિંમતી છે. હું કોઈને આપતી નથી. અમને થયું, વાત તો સાચી છે અંગત પત્રો એટલે ન ગમે. અમે થોડા વરસ પછી પાછાં મદ્રાસ ગયાં. પાછી તપાસ કરી. તો તે બ્હેન એક સાંજે માને મળ્યાં. અને કહે મારા દેહનો ભરોસો નથી. તો આ પત્રોની કિંમતી સંપત્તિ હું તમને જ આપું છું. ૨૫–૩૦ પત્રો એમણે માને આપ્યા. એ રીતે ભાઈલાલભાઈ ઉપર પત્રો ઘણા લખાયા છે. તે એક સાધકભાઈ નથી પણ તેમના નજીકના સંબંધી છે. જેમની પાસે પત્રો અને પુસ્તકો છે. પણ તે આપવાની સાફ ના પાડે છે. એટલે પૂ.શ્રીના બધા કાર્યોમાં કૃપા હોય તો જ પાર પડે. પૂ.શ્રીની શરૂઆતની સાધનાની ભૂમિકા કેટલી ઉત્તમ



હતી. હજી તો ધર્મશાળામાં છે ને લખે છે જપ કરતાં કરતાં આંખ ખોલી તો સામે રામકૃષ્ણ દેખાય છે. જેટલી આંખ પવિત્ર હોય, તેટલું જ તે દર્શન ઝીલી શકે. આપણી આંખ કેટલી બધી વિકારી છે. સંસારી દૃશ્યો જોવામાં આપણે આંખને ઘસી નાંખીએ છીએ. સંસારી ધૂળથી આંખને ભરી દીધી છે. પછી એમાં એવાં દર્શનો ક્યાંથી ઝીલાય? પૂ.શ્રી જેવા સમર્થ સાધકને માટે તે સહજ હતું. કેટલા કેટલા જપથી ક્યાં ક્યારે દર્શન મળે તે પણ પ્રભુની ઈચ્છા પર આધાર રાખે છે. પૂ.શ્રી જે જે લખે છે તે તો સો ટકા શક્ય છે. એવું માનવું જ પડે. આપણે માત્ર પુરુષાર્થના જ અધિકારી છીએ. કોઈને ક્યાં ક્યારે અને કેવી રીતે આપવું તે પ્રભુના જ હાથની વાત છે. પૂ.શ્રીને જપ કરતાં આંખ ઉઘાડતાં રામકૃષ્ણ દેવનું દર્શન ૧–૨ મિનિટમાં થતું એ વાક્ય વાંચીને એક વાત યાદ આવી.

૧૯૮૮–૮૯ની સાલમાં અમે ન્યુજર્સી હતાં. સરોજબ્હેન માથામાં તેલ નાંખતાં હતાં. અમે ખુલ્લી આંખે બેઠા હતાં. ત્યાં જ રામકૃષ્ણ દેવનું સુંદર સ્મિત કરતું માત્ર મુખ જ દેખાયું. તે એટલું બધું તેજસ્વી હતું કે આ લખતી વખતે એ સ્મૃતિપેટ પર રમી રહ્યું છે. ક્યાં ક્યારે કોને ફળ આપવું તે બધું પરમાત્માના હાથમાં છે. સામાન્ય કામ કરતાં હોઈ કોઈપણ વિચાર વગર બેઠાં હોઈએ, ત્યારે પણ પ્રભુ ધારે તો ફળ આપી શકે છે. આપણા પક્ષે એક જ વાત છે પુરુષાર્થ કરો ને પ્રસાદ પામો.

(ક્રમશઃ)

# પૂજ્યશ્રી મોટાનો સદુપદેશ

—શ્રી મોટા

સ્વજન : 'સાધનામર્મ'માં 'ભાવાત્મક ભાવનું રટણ' એવા આપના શબ્દો છે. તેનો અર્થ સમજાવશો?

શ્રીમોટા : આ બધા ગૂઢ—સૂક્ષ્મ શબ્દો છે. ચેતનાનું ચિંતન એમ ને એમ નહીં થાય. એની ગરજ, સ્વાર્થ કે જિજ્ઞાસા જાગ્યા સિવાય કોઈ દિવસ એનું ચિંતન થવાનું નથી, ભાઈ! તમારા સંસારવહેવારનું, પૈસાટકાનું, ધનદોલતનું, સગાંવહાલાંનું કે આબરૂપ્રતિષ્ઠાનું ચિંતન થશે, પણ ભગવાનનું ચિંતન કરવું સહેલું નથી. ભાઈ! અન્ન સ્વાદને અર્થે નથી, પણ તેમાંથી ચેતન પ્રગટે તે અર્થે છે. તેથી તેમાં જેટલી વધારે શુદ્ધિ અને ઉત્તમતા હોય, તેટલું એ શ્રેયકર!

વળી

ભોજન કે રસોઈ બને તે વેળા પણ ઉત્તમ પ્રકારની શુદ્ધિથી અને માનસિક ભક્તિથી એ બને, તો તે જીવને કલ્યાણકારક થાય છે.

ઇંદ્રિયોને નિરાહારી—ઉપવાસી રાખીએ એટલે પાપ ઉત્પન્ન કરનાર વિષયો નાશ પામે છે.

આંખનું ખાદ્ય, પ્રિય વસ્તુ જોવી. કાનનું ખાદ્ય, વિષયો બાબતોની વાતો સાંભળવી. શાંત બેસી, પ્રમાણમાં શ્વાસ લઈએ એટલે નાકનો ઉપવાસ થાય છે. ઇંદ્રિયોનો



ઉપયોગ ઈશ્વર સંબંધી કરીએ તોપણ નિરાહારનું ફળ મળે છે. 'મન'ને ઉપવાસી રાખવું એટલે કોઈ પ્રકારના વિચારો ન કરવા, ન આવવા દેવા.

આવા ઉપવાસનું ખૂબ મહત્ત્વ છે.

—શ્રી ઉપાસની બાબા

અનેક પ્રકારના સંઘર્ષણ, ક્લેશ, અથડામણ, ચિંતા, ફિકર, ઉદ્વેગ વગેરેથી શરીર ઘસાય છે. એકબીજાની સાથે ઝઘડવું કે મન મેળાપ ના થવો એ બધાથી પણ શરીર ક્ષીણ થતું જાય છે. આ હકીકત છે.

એમાંથી હઠયોગની ઉત્પત્તિ થઈ છે. એનાથી ૭૦૦—૮૦૦ વર્ષ સુધી શરીર ટકી શકે છે. એવા દાખલા પણ છે.

જેમણે પોતાના આચરણ, વિચારો અને ભાવનાઓમાં આદર્શવાદ તથા ઉત્કૃષ્ટતાનો સમાવેશ કર્યો છે તેઓ સંત છે.

આપણે સન્માર્ગથી ભટકી ન જઈએ તે માટે જ આપણી ઉપર પરમાત્માએ કર્તવ્ય અને ધર્મનો અંકુશ રાખ્યો છે.

—શ્રી યોગેશ્વરજી

# માણસને કેટલી જમીન જોઈએ?

## (How much land does a man need!)

**–લિયો ટોલ્સ્ટ્રોય, અનુ. જીતેન્દ્ર દેસાઈ**

(અમે જ્યારે હાઈસ્કુલમાં ભણતા હતા, ત્યારે અંગ્રેજીના અભ્યાસક્રમમાં એક પાઠ ભણેલા તે પાઠનું શીર્ષક ઉપર મુજબ હતું, એના મૂળ લેખક હતા લિયો ટોલ્સ્ટ્રોય. ને વાર્તાનો વિષય રશિયાના એક ખેડુતનો. રશિયામાં તે સમયમાં જે વિસ્તાર વિકાસ પામેલ ત્યાં જમીન મોંઘી. એટલે વાર્તાના નાયક ખેડુત શ્રી પેહોમે જ્યાં જમીન સસ્તી મળતી હોય ત્યાં સ્થાળાંતર કરવા વિચાર્યું, છેવટે તેને બાસ્કર લોકોના વિસ્તારમાં માત્ર એક હજાર રૂબલમાં–માણસ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં જેટલો જમીનનો વિસ્તાર ચાલીને અંકિત કરે તેટલી જમીનનો તે માલિક.

પેહોમ ખૂબ મજબૂત ને ખડતલ ખેડુત હોવાથી તેણે શરત પ્રમાણે ખૂબ મોટો જમીનનો વિસ્તાર આંતરીને અંકે કર્યો, પરંતુ શરતના પાલન પ્રમાણે સૂર્યાસ્ત પહેલાં તે શરૂ કરેલ સ્થાન સુધી પહોંચ્યો ખરો, પણ અતિશય થાકને લીધે તે બેભાન થઈ પડી ગયો ને મૃત્યુ પામ્યો. લેખકનો કહેવાનો આશય એ છે કે છેવટે તેને દાટવા માટે તો માત્ર છ ફૂટ જમીનનો ટૂકડો જ જરૂરી હતો. અતિશય લોભના પરિણામે પરિશ્રમ કરી એકઠી કરેલી જમીન કે સંપત્તિનો આજ અંજામ દરેક શ્રીમંતના જીવનમાં હોય છે. પણ આ વાત કેટલા સમજે?

અમે ટોલ્સ્ટ્રોયની આ વાર્તા એક માસિકમાં વાંચી, તેનો ગુજરાતી અનુવાદ શ્રી જીતેન્દ્ર દેસાઈએ કરેલ છે એટલે



અધ્યાત્મના વાંચકોને આ બોધપ્રદ વાત ગમશે એ વિચારે અત્રે રજૂ કરી છે. –તંત્રી)

જબ તક સાંસ, તબ તક આશ–હા આશાઓ પાછળ જ જિંદગી વેડફી નાખવાની મૂર્ખાઇ તો મનુષ્ય જ કરી શકે છે. બે બહેનો હતી. તેમાંની મોટી બહેન શહેરમાં એક સુખી વેપારીને અને નાની બહેન ગામડાંના એક ખેડુતને પરણી હતી. મોટી બહેન શહેરના જીવન વિશે બડાશ હાંકતી. નાની બહેને બધી વાતો સાંભળી, પણ 'શહેરનું જીવન દેખાય છે તેટલું સારું નથી હોતું.' એમ કહી તેણે ગામડાંના જીવનની તરફદારી કરી. નાની બહેનના ધણીનું નામ પેહોમ હતું. તેણે કહ્યું, 'અમારી ગામડાંની જિંદગી જ સારી, ધરતીમાતાની રહેમથી અમારા દિલમાં ખોટી લાલચ પેસી જ શકતી નથી. મુશ્કેલી હોય તો એટલી કે અમારી પાસે જોઈએ તેટલી જમીન નથી.'

ગામની નજીકમાં ત્રણસો એકર જેટલી જમીનની માલિક બાઇ વિધવા હતી. પેહોમે સાંભળ્યું કે તેનો પડોશી પચાસ એકર જમીન ખરીદવાનો છે, વળી, બાઇએ અડધા પૈસા રોકડા અને અડધા પૈસા આવતે વર્ષે લેવાનું સ્વીકાર્યું છે. પેહોમે પેલી બાઇની જમીનમાંથી ચાળીસ એકર જમીનનો એક ટુકડો પસંદ કર્યો. એ જમીન અંગે જરૂરી દસ્તાવેજો ને કાગળિયા કરી લીધા. તે હવે ચાળીસ એકર જમીનનો માલિક હતો. ઉછીનો દાણો લાવી તેણે વાવણી કરી અને સોળ આની પાક ઊતાર્યો! એક જ વર્ષમાં તેણે જમીનના બાકીના અડધા પૈસા ચૂકવી દીધા. હવે તેને એક જ દુ:ખ હતું અને તે એ કે તેના પડોશીઓ તેમના ઢોરને ઊભા પાકમાં ને ઘાસિયામાં ચરવા છોડી મૂકતા હતા. પેહોમ જાણતો હતો કે ખેડુતો પાસે ગૌચરની પૂરતી જમીન નથી તેનું આ

પરિણામ છે. પેહોમે કેટલાક ખેડુતો સામે કેસ કર્યો. આથી ગામના કેટલાક લોકોનો તે દુશ્મન જેવો થઇ પડ્યો.

પેહોમને જમીનનો એક દલાલ મળ્યો. આ દલાલ બાસ્કર લોકોના પ્રદેશમાંથી આવ્યો હતો. આ પ્રદેશ ઘણો દૂર હતો, પણ ત્યાં જમીન ખૂબ સસ્તી હતી. પેલા દલાલના જણાવવા પ્રમાણે એક હજાર રૂબલની તેર હજાર એકર! જમીન ખરીદવાનું નક્કી કર્યું.

પેહોમને જોતાં બાસ્કરો તંબૂમાંથી નીકળી આવ્યા અને તેને ઘેરી વળ્યા. એક સફેદ દાઢીવાળો અને પ્રતિભાશાળી વૃદ્ધ તંબૂમાં આવી પહોંચ્યો. દુભાષિયાએ પેહોમને કહ્યું, 'આ અમારામુખી છે!' અમારે ત્યાં કાયમ એક જ ભાવ હોય છે, એક દિવસના હજાર રૂબલ. પેહોમને સમજ ન પડી. **'અમે તો દિવસના હિસાબે જ જમીન વેચીએ છીએ. એક દિવસમાં તમે પગે ચાલીને જેટલી જમીન આંતરી શકો તેટલી જમીન તમારી અને તેની કિંમત ૧૦૦૦ રૂબલ!** પેહોમને આ જાણી આશ્ચર્ય થયું. મુખી જોરથી હસી પડ્યો તેણે હસતાં હસતાં કહ્યું, 'અને હા...બીજી એક શરત તમને જણાવવાની રહી ગઈ!' 'કઇ શરત?' જો તમે જે સ્થળેથી જમીન આંતરી લેવા નીકળ્યા હોવ તે સ્થળે સાંજે સૂર્યાસ્ત પહેલાં ન આવી જાઓ તો તમારા પૈસા જાય.'

મુખીની પૂરી વાત સાંભળી પેહોમ ખુશ ખુશ થઇ ગયો તે મુખીની સાથે જઇ આવતી કાલે સવારે પોતે કઇ જગ્યા એથી ચાલવાનું શરૂ કરશે તે પણ નક્કી કરી આવ્યો. બીજે દિવસે પોહ ફાટતા જવાનું અને નક્કી કરેલા સ્થળે સૂર્યોદય પહેલાં પહોંચી જવાનું નક્કી કરી સૌ વીખરાયા.



પેહોમ આખી રાત પથારીમાં જાગતો પડી રહ્યો, તેને જમીનના જ વિચાર આવ્યા કર્યા અને તે ઊંઘી શક્યો નહીં. 'હું કેટલી બધી જમીન આંતરી લઇ શકીશ!' એ વિચારે તેને ઊંઘવા ન દીધો. 'હું દિવસના પાંત્રીસ માઇલ તો સહેલાઇથી ચાલી શકું.'

બાસ્કરોના વસવાટથી પાંચેક માઇલ પર એક ટેકરી આવેલી હતી. એ ટેકરીનું નામ શિખન હતું. પેહોમે આગલે દિવસે મુખી સાથે ત્યાં જઇ આવ્યો હતો અને ત્યાંથી પોતે જમીન આંતરવા માટે સુરજ ઊગતા ચાલવાની શરૂઆત કરશે એવું તેની સાથે નક્કી કર્યું હતું. મુખી, પેહોમ પાસે આવ્યો અને ટેકરી પરથી નજર પહોંચે ત્યાં સુધી દેખાતું ખુલ્લું મેદાન બતાવી કહ્યું, 'અહીંથી ગમે તે દિશામાં તમે જઇ શકો. બધી જ જમીન અમારી છે. મુખીએ તેની રૂવાંવાળી ટોપી કાઢી જમીન પર મૂકી અને કહ્યું, 'અહીંથી તમારે નીકળવાનું અને અહીં જ પાછા ફરવાનું. તમે જેટલી જમીન આંતરી લેશો તેટલી તમારી થઇ જશે.' પેહોમ હવે અધીરો બન્યો હતો. તેણે મુખીને આપવાના પૈસા ગજવામાંથી કાઢી ટોપી પર મૂક્યા.'

દૂર ક્ષિતિજ પર સૂરજનું પહેલું કિરણ ફૂટ્યું ત્યાં તો પેહોમે ઉત્તર દિશામાં ચાલવા માંડ્યું. હજારેક વાર પહોંચી તેણે પાવડાથી એક કૂંડાળું દોર્યું. નિશાની આ પૂરતું હતું છતાં તેણે ત્યાં થોડાં ઢેફાંની નાની ઢગલી કરી. અંદાજે એકાદ માઇલ જેટલું ચાલી તેણે પાછળ જોયું. તેને થયું, 'મારું નસીબ પણ કેવું ચમક્યું! જમીન જ જમીન! સાંજ સુધીમાં તો કેટલી બધી જમીન મારી માલિકીની થઇ જશે!' તેણે ઝડપથી ચાલવા માંડ્યું. સૂર્ય સામે જોયું તો નાસ્તો કરવાનો સમય થઇ ગયો હતો, પણ તે

નાસ્તો કરવા રોકાયો નહીં.

પેહોમે પાછળ જોયું 'છ એક માઇલ કાપી નાખ્યા હશે, હવે મારે દિશા બદલવી જોઇએ.' તે એમ વિચારતો હતો તેવામાં એક લીલા ઘાસથી છવાયેલી જમીનનો સુંદર ટુકડો તેણે જોયો. આ ટુકડો તો આંતરી જ લેવો જોઇએ! એમ વિચારી તે એ ટુકડાને છેડે પહોંચ્યો. ત્યાં એણે એક કૂંડાળું કરી થોડાં ઢેફાંની ઢગલી કરી. પછી ગજવામાંથી રોટલો કાઢી તે ઝડપભેર ગળે ઉતારી ગયો. થોડું પાણી પીધું.

ત્યારબાદ બે એક માઇલ ચાલ્યા પછી તેને ઊંઘ આવવા માંડી, છતાં તેણે ચાલ્યા જ કર્યું. તેને હતું, 'આજનો દિવસ ચાલી નાખું પછી આખી જિંદગી નિરાંત જ છેને! ચોરસની બીજી બાજુના છ માઇલ તેણે ખેંચી કાઢ્યા, પણ તેને ખૂબ થાક લાગ્યો. વળી, રસ્તે આવતા જમીનના નાના મોટા સુંદર ટુકડા આંતરી લેવાના લોભે તેણે છ માઇલ કરતાં વધારે અંતર કાપી નાખ્યું હતું, ચોરસની બીજી બાજુએ તેણે એક માઇલનું અંતર કાપ્યું. પછી તેને થયું, 'મારા ખેતરનો આકાર બરાબર સમચોરસ ન થાય તો ભલે, પણ મારે હવે જલદી ટેકરીએ પહોંચવું જોઇએ. નહીં તો બધી મહેનત ધૂળમાં મળી જશે.' આમ વિચારી તેણે ત્રીજી બાજુએ તે જ્યાં પહોંચ્યો હતો ત્યાં ઝડપભેર પાવડાથી નાની ઢગલી કરી. ત્યાંથી સીધા ટેકરી તરફ ચાલવા માંડ્યું. પણ તેનાથી હવે ચલાતું ન હતું. થાક અને ગરમીને કારણે તે ઢીલો થઇ ગયો હતો.'

ટેકરી હજુ દૂર હતી. તેણે પાછા ફરતાં પાણીની મશક, જોડા વગેરે બધું ફેંકી દઇ પાવડાને ટેકે ટેકે દોડવા માંડ્યું. જમીનની તૃષ્ણાએ તેની મૃત્યુની બીક પર વિજય મેળવ્યો. 'આટલું બધું



ચાલ્યા પછી હું ટેકરીએ નહીં પહોંચું તો બાસ્કરો મને મૂરખ માનશે. એમ મન મનાવી તેણે દોડ્યે રાખ્યું. પેહોમ ટેકરીની તળેટીમાં આવી પહોંચ્યો હતો. તે ટેકરી પર મૂકેલી ટોપીની જગ્યા પણ જોઇ શક્યો. બાસ્કરોના હસવાના અને ઉતાવળ કરવાનું કહેતા અવાજો તેને કાને પડ્યા, 'દોડ...ઉતાવળ કર... બે–ત્રણ મિનિટનો જ સવાલ છે... તું આવી પહોંચીશ.'

તે દોડતો હતો. ટોપી હવે હાથવેંતમાં હતી. બાસ્કરોનો મુખી ટોપી પાસે બેસી પેટ પકડીને ખડખડાટ હસતો હતો. તેણે છેલ્લું ડગ ભર્યું. તે માટે તેના શરીરની બધી શક્તિ તેણે ખરચી નાખી. તે ટોપીને અડ્યો અને ત્યાં જ ઢગલો થઇ ગયો. 'વાહ, આ માણસ નસીબદાર નીકળ્યો! તેણે ખૂબ જમીન મેળવી!' મુખીએ હસતાં હસતાં કહ્યું. પેહોમનો નોકર તેને ઉઠાવવા દોડી ગયો. પણ તેના મોંમાંથી લોહી વહેતું હતું. તેનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું. હવે તેને કબર માટે માત્ર છ ફૂટ જ જમીન જોઇએને!

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# અમ્બરીશ પત્ની—એક ભક્તિ પરાયણ રાજકુમારી

—શ્રી સુશીલાબેન ભક્ત

શ્રેષ્ઠ ભક્ત રાજા અંબરીષની અપૂર્વ ભગવત્ભક્તિ પર વારી જઈને એક રાજકુમારી લુબ્ધ થઈ ગઈ. તેણે નિશ્ચય કર્યો કે હું તેમને જ મારા પતિ સ્વરૂપે પસંદ કરીશ. પોતાનો આ દૃઢસંકલ્પ તેણે પોતાના પિતા સમક્ષ રજૂ કર્યો. પિતાએ એક પત્રમાં બધી હકીકતો લખી, એક બ્રાહ્મણને અંબરીષ રાજા પાસે મોકલ્યો.

બ્રાહ્મણદેવ રાજશિરોમણિ રાજા શ્રી અંબરીષ પાસે પહોંચ્યા અને તેમને પત્ર સુપરત કર્યો. પત્ર વાંચીને રાજાએ કહ્યું, 'ભગવદ્ભજન અને રાજકાજમાંથી મને સહેજપણ અવકાશ મળતો નથી કે હું કોઈ બીજી રાણીની સેવામાં ઉપસ્થિત રહી શકું. વળી રાણીઓ પણ મારે ઘણી છે. એવી સ્થિતિમાં વળી બીજી કોઈ રાજકુમારી સાથે લગ્ન કરવાં મારે મતે શક્ય નથી.'

બ્રાહ્મણ તો આ જવાબ લઈ પાછા વળ્યા. રાજા અંબરીષનો સંદેશ એણે રાજકુમારીને કહી સંભળાવ્યો. રાજકુમારીના મનની પુષ્પકલી વિકસિત થઈ ગઈ, એ વિચારથી કે આવા પુરુષ! જેમને વિલાસ વગેરેથી વિરકત અને ભગવાનના ચરણોમાં અનુરક્તિ(પ્રેમ) રાખ્યો છે. ધન્ય છે! હું એમને જરૂરથી મારા પતિ બનાવીશ. આ પ્રમાણે મારું જીવન સફળ કરી દઈશ.

બ્રાહ્મણ તો ફરી પાછા રાજા પાસે પહોંચ્યા અને કહ્યું, 'રાજકુમારીએ ખૂબ વિનમ્રતાથી કહ્યું છે કે તમારા વૈરાગી વિચારોને સાંભળી મારું હૃદય ખૂબ ગદ્ગદ તથા ભાવવિભોર



બન્યું છે. મનોમન મેં આપને પતિ તરીકે સ્વીકારી લીધા છે. પત્નીના રૂપે જો તમે મને નહીં સ્વીકારો તો હું આત્મહત્યા કરીશ. સ્ત્રીહત્યાના મહાન પાપમાંથી આપ બચી શકશો નહીં.'

આથી ધર્મપ્રેમી, ધર્મ એ જ જેનો પ્રાણ છે એવા રાજાએ લગ્ન કરવાનું સ્વીકારી લીધું. 'તલવાર' એ ક્ષત્રિયોનું અંગ માનવામાં આવે છે એ રિવાજ પ્રમાણે તેમણે બ્રાહ્મણને 'તલવાર'નું ખાડું આપીને કહ્યું, 'આપ આની સાથે જ રાજકુમારીના ફેરા ફેરવી દેજો.'

પ્રસન્ન મને બ્રાહ્મણ તો પાછા ફર્યા. રાજકુમારી હર્ષના અતિરેકથી નાચી ઊઠી. 'તલવાર' સાથે ફેરા ફેરવીને તેનો લગ્ન—સંસ્કાર પૂર્ણ થયો. તે માતા—પિતાને વિદાય આપી પતિગૃહે આવી ગઈ. પરમ ભગવતભક્ત પતિની શાંતિમૂર્તિના દર્શન કરીને પોતાનું અહોભાગ્ય સમજી સુખપૂર્વક દિવસો વીતાવવા લાગી. અંબરીષે જોયું કે તેમની પૂજાની સમગ્ર સામગ્રી સાફસૂફ કરીને ધોઈને યથાસ્થાને મૂકાઈ જાય છે. પૂજા—ગૃહ ધોવાયેલો હોય છે. આ બધું તેમને અયોગ્ય લાગતું હતું, કારણ કે પ્રભુસેવાનું સઘળું કાર્ય તેઓ જાતે જ પોતાના હાથે જ કરવું તે યોગ્ય માનતા હતા. અને એમાં જ એમને આનંદ તથા સંતોષ મળતો. આ બધું કોણ કરે છે તે જાણવા ઉત્સુક બનીને તેઓ એક રાત્રે પૂજાગૃહમાં જ સંતાઈને રહ્યા.

રાત્રિનો પાછલો પ્રહર વીતી રહ્યો હતો ને નવી રાણીએ ત્યાં પ્રવેશ કર્યો. પૂજાનાં વાસણો માંજવા માંડી. રાજાનું મન ખુશ થઈ ગયું. રાજાએ કહ્યું, 'જો એમ જ કરવું હોય તો ભગવાનને તમારા પોતાના જ ભવનમાં પધરાવો પ્રિયે!' રાણીની આકાંક્ષા પૂરી થઈ. તેના આનંદનો કોઈ પાર રહ્યો નહીં.

ભગવાન તેમના ભવનમાં જ પધરાવ્યા હોવાથી, રાતનો એક પ્રહર જ બાકી હોય ત્યાં તો સ્નાનાદિ વગેરેથી નિવૃત થઇ ભગવાનની ષોડશોપચારથી ધૂપદીપાદિથી અત્યંત શ્રદ્ધા અને પ્રેમથી પૂજા કરતી અને ભજનો પણ ગાવા બેસતી, તો આમ બપોર વીતી જતો તેનો ખ્યાલ જ રહેતો નહીં. તેમને ખાવા–પીવાનું પણ વિસરાઇ જતું. દાસીઓના વારંવારના આગ્રહથી તેઓ ભજનમાંથી માંડ ઊઠી શકતાં.

આ હકીકત અંબરીષે પણ સાંભળી. બીજે દિવસે સૂર્યોદય સમયે જ રાજા નાની રાણીના પૂજા–ગૃહમાં આવ્યા. તેમણે જોયું. રાણીએ ભગવાનને અત્યંત સુંદર રીતે સમજાવ્યા છે. ધૂપસળીની મધુર સુવાસ પ્રસરી રહી છે. ઘીનો દીપ પ્રગટી રહ્યો છે. રાણી પદ્માસન વાળીને ભગવાન સામે બેસીને હાથમાં વીણા લઇને બેઠી છે. મધુર સ્વરમાં વીણાના તાર ઝણઝણી રહ્યા છે. કોકિલકંઠી રાણીના ભજનની મધુર–સ્વર લહરીઓ વીણાના તારના સ્વરોમાં વિલીન થતી જઇ રહી છે. રાણીની આંખોમાંથી જાણે મોતીની માળા પોરવાતી હોય તેમ અશ્રુધારા વહી રહી છે.

રાણીની તન્મયતા, સ્વર્ગીય ભજન અદ્વિતીય પ્રભુપ્રેમ અહો હો... અંબરીષ પાછળ ઊભા ઊભા જોઇ રહ્યા છે. ભજન સમાપ્ત થયું, ત્યારે પાછળ શરીરનો પડછાયો જોઇને, રાણીએ પાછળ માથું ફેરવ્યું. તો રાજાને પતિદેવને જોયા. તેમના સ્વાગત માટે ઉઠવાની જ હતી ત્યાં અત્યંત પ્રેમથી અંબરીષે કહ્યું, ‘મારા સ્વાગતની આવશ્યકતા નથી. ‘તમે જે ભજન ગાતા હતા તે જ ફરી ફરી સંભળાવો.’ રાણીના સૌભાગ્યનું શું કહેવું? પતિદેવ રીઝી ચૂક્યા હતા. પરમપતિને રીઝવવાનો હતો. વીણા ઉઠાવી.



પાતળી આંગળીઓ તાર પર સરકવા લાગી. સાચે જ વાયુ થંભી ગયો. દિશાઓ સ્તબ્ધ થઇ ગઇ! મધુર સ્વર–લહરીમાં સરકતું ભજન અંબરીષને બેશુદ્ધ કરી રહ્યું હતું. તેઓ ભાવ સમાધિસ્થ જેવી સ્થિતિમાં મૂકાઇ ગયા. તેમની આંખો વરસી રહી.

તે દિવસથી દરરોજ ભક્તવર અંબરીષ પોતાની નાની રાણી પાસે પ્રાતઃ સમયે જ આવી પહોંચતા. ભજન–પૂજનમાં ક્યારેક ક્યારેક આખો દિવસ પૂરો થઇ જતો. તેથી તેઓ રાણીને અત્યંત પ્રેમ કરવા લાગ્યા.

ભજન–પૂજનથી રાજા પ્રસન્ન રહે છે એ વિચારતાં જ અંબરીષની બીજી રાણીઓ ખૂબ વિધિ અને પ્રેમથી પોતપોતાના ભવનમાં જ ભગવાનની મૂર્તિ પધરાવીને પૂજન કરવા લાગી. બધી રાણીઓ પ્રભુના ભજનમાં તલ્લીન રહેવા લાગી. રાજમહેલ જાણેએ પ્રભુનું મંદિર બની ગયું.

રાજાની પ્રસન્નતા ભગવતભજનમાં છે, આ સમાચાર આખી પ્રજામાં પ્રસરી રહ્યા. પછી તો પૂછવું જ શું? રાજ્યની સમસ્ત પ્રજા પણ ભગવાનની ભક્તિ કરવા લાગી. રાજારાણી અને આખીય પ્રજાનો પ્રાણ જાણે કે પ્રભુ સાથે જોડાઇ ગયો. તેથી ભગવાનની કૃપા વરસવા લાગી.

આમ આ પ્રેમાળ નાની રાણીની ભક્તિનો આવો અદ્‌ભુત પ્રભાવ બધે પ્રસરી ગયો. સ્ત્રીમાં અનુપમ શક્તિ છે. “જે હસ્ત ઝૂલાવે પારણુ તે જગત પર શાસન કરે.” પરંતુ આવશ્યકતા છે તે જાગ્રત થવાની ને સન્માર્ગે વળવાની.

# યોગી બ્રહ્મની મુલાકાત(૩)

(ગતાંકથી ચાલુ) —પોલ બ્રન્ટન, અનુ.યોગેશ્વરજી

એ પછી યોગીને મારે અનેક વાર મળવાનું થયું. એમની સંમતિ મેળવીને, સવારે એ ફરવા નીકળતા ત્યારે હું એમની સાથે થઈ જતો. અને જ્યારે એમને ઘેર બેસવા સમજાવી શકતો ત્યારે સાંજનો સમય એ મારી સાથે ઘરમાં જ પસાર કરતા. એ બધી સાંજ માટે તથા મારી શોધ માટે ખૂબ જ લાભકારક થઈ પડતી. કારણ કે પ્રખર તાપને લીધે ચંદ્રનો ઉદય થતો જતો તેમતેમ એમના મુખમાંથી જ્ઞાનનાં ઊંડાં રહસ્યોનું ઉદ્‌ઘાટન સ્વાભાવિક રીતે જ થયા કરતું.

યૌગિક શરીરશાસ્ત્ર પર કોઈ મહા નિંબધ લખવાનો વિચાર હું નથી કરી રહ્યો, એટલે શરીરસંયમના યોગમાં મહત્ત્વની મનાતી, શારીરિક અવસ્થાઓને શીખવનારી તથા સાચવવાની મદદ કરનારી બે—ત્રણ ક્રિયાઓનો ઉલ્લેખ કરીને જ સંતોષ માનીશ. તાડવૃક્ષોના ઝૂંડની વચ્ચે કે મારા નીરસ જેવા ઘરમાં બ્રહ્મે મને જે વીસ કે વધારે આસનો કરી બતાવ્યાં તે દરમિયાન શરીરને સારી પેઠે મરડવામાં આવેલું. પશ્ચિમવાસીઓને તે કઢંગાં, અશક્ય અથવા બન્ને જાતનાં લાગે તેમ છે. એમાંનાં કેટલાંકમાં તો પગને ઊંચા કરીને બંને ઘૂંટણોને સરખા રાખવાના હતા, અથવા હાથની આંગળીઓ પર આખા શરીરને સ્થિર રાખવાનું હતું. કેટલાંકમાં પીઠ પાછળ હાથ રાખી, હાથને પાછા આગળ લાવવા પડતા, તો કેટલાંકમાં અંગોપાંગને બાંધી દેવા પડતાં. વળી બીજા પ્રકારના આસનમાં નટની જેમ પગને ખભાની ઉપર અથવા ગરદનની પાછળ લઈ જવા પડતા.



પાંચમી પદ્ધતિમાં ગળાને વિચિત્ર રીતે વાળવા તથા ફેરવવામાં આવતું. બ્રહ્મને એમાંના કેટલાંક આસનોના પ્રયોગો કરી બતાવતા જોઈને યોગની સાધના કેટલી બધી કપરી થઈ પડે તેમ છે તેની મને ખાતરી થઈ.

‘તમારી પદ્ધતિમાં આવાં કેટલાંક આસનો છે?’ મેં પૂછી જોયું.

‘શરીરસંયમના યોગમાં ચોર્યાસી આસન છે.’ બ્રહ્મે ઉત્તર આપ્યો :

‘મને અત્યારે ચોસઠ આવડે છે.’ એ બોલતી વખતે પણ એમણે એક આસન કરી બતાવ્યું અને એમાં જેવી રીતે હું ખુરશી પર બેઠેલો તેવી જ રીતે આરામથી બેસી રહ્યો. એમણે કહ્યું કે એ એમનું પ્રિય આસન હતું. જોકે એ અઘરું નહોતું, પરંતુ આરામપ્રદ ન લાગ્યું. જમણા પગને બેવડો કરી, એની એડીને શરીરના ગુહ્ય ભાગની નીચે લગાડી, બધો ભાર એના પર નાખી દઈ, ડાબા પગને જમણા પગના સાથળની બેવડમાં દબાવી દીધો.

‘આ આસનથી શો લાભ થાય છે?’ મેં ફરીથી પૂછ્યું.

‘યોગી એમાં બેસીને અમુક પ્રકારનો પ્રાણાયમ કરે તો વધારે યુવાન બની શકે છે.’

‘એ પ્રાણાયમ કયો?’

‘એનું રહસ્ય તમારી આગળ નહીં ખોલી શકું.’

‘આ બધાં આસનોનો હેતુ શો?’

‘કેટલાંક ચોક્કસ આસનોમાં ચોક્કસ સમય સુધી બેસવાની કે ઊભા રહેવાની અગત્ય તમારી દૃષ્ટિએ ઓછી લાગશે. છતાં જો સફળ થવું હોય તો, પોતાની પસંદગીના આસનના અભ્યાસ

વખતે ચિત્તવૃત્તિની એકાગ્રતા તેમજ ઈચ્છાશક્તિ એટલી બધી પ્રબળ બને છે કે યોગીની અંદર રહેલી સુપ્ત ભંડાર જેવી છે. એ શક્તિઓનું પ્રાગટ્ય પ્રાણાયામની ક્રિયાનો અભ્યાસ કર્યા વિના ભાગ્યે જ થઇ શકે છે, કારણ કે પ્રાણની શક્તિ ઘણી ગહન છે. એ શક્તિઓને જાગ્રત કરવાનું ધ્યેય જ અમારું સાચું ધ્યેય છે. છતાં વીસેક જેટલી ક્રિયાઓનો ઉપયોગ તો કેટલાંક દર્દો દૂર કરવા માટે અથવા સ્વાસ્થ્ય લાભ માટે જ કરવામાં આવે છે અને બીજી ક્રિયાઓની મદદથી શરીરની અંદરની ગંદકી દૂર કરવામા આવે છે. બીજાં કેટલાંક આસનો મન તથા આત્મા પર કાબુ મેળવવામાં મદદરૂપ થાય છે, કારણકે એ હકીકત નિર્વિવાદ છે કે વિચારની અસર શરીર પર પડે છે, તેવી જ રીતે શરીરની અસર વિચાર કે મન પર થાય છે. યોગની આગળની ભૂમિકા દરમ્યાન કલાકો સુધી ધ્યાનમાં ડૂબી જવાનો અવસર આવે છે ત્યારે, શરીર જો યોગ્ય આસનમાં હોય છે, તો મનને પોતાના પ્રયત્નોમાં શાંતિપૂર્વક લાગી રહેવામાં મદદરૂપ થાય છે જ, પરંતુ સાથેસાથે વાસ્તવિક રીતે વિચારતાં, એની ધ્યેયસિદ્ધિને સરળ બનાવે છે. એ ઉપરાંત એ કઠિન ક્રિયાઓમાં લાગી રહેનારા સાધકને મળનારી અસાધારણ ઈચ્છાશક્તિનો વિચાર કરો તો અમારી સાધનામાં સમાયેલી શક્તિઓનો તમને ખ્યાલ આવશે.'

'પરંતુ શરીરને આટલું બધું વાળવાનું કે ઊલટાસૂલટું કરવાનું કારણ?' મેં વિરોધ કર્યો.

'કારણ એ જ કે શરીરમાં કેટલાંય જ્ઞાનતંતુઓનાં કેન્દ્રો ફેલાયેલાં છે, અને દરેક આસન જુદાજુદા કેન્દ્રને અસર પહોંચાડે છે. એ જ્ઞાનતંતુઓ દ્વારા જુદાંજુદાં અંગોને અથવા મગજના



વિચારોને અસર કરી શકાય છે. શરીરને જુદીજુદી રીતે વાળવાની જેમનો સંપર્ક બીજી રીતે ના સાધી શકાયો હોય તે કેન્દ્રો પાસે સહેલાઈથી પહોંચી શકાય છે.'

'બરાબર,' એ યૌગિક શરીરશાસ્ત્રના મૂળભૂત સિદ્ધાંતો મારા મનમાં જરા વધારે સ્પષ્ટતાથી તરવરતા લાગ્યા. યુરોપ અને અમેરિકાની પદ્ધતિઓના મૂળભૂત સિદ્ધાંતોની સાથેના એમના સામ્યને શોધી કાઢવાનું કામ ઘણું રસમય હતું. બ્રહ્મને મેં અમારી એ પદ્ધતિઓના અસ્તિત્ત્વથી વાકેફ કર્યા.

'તમારી પશ્ચિમી પદ્ધતિઓનો પરિચય મને નથી થયો, પરંતુ મદ્રાસની પાસેની મોટી છાવણીમાં મેં ગોરા સૈનિકોને કસરત કરતા જોયા છે. એમનું નિરીક્ષણ કરવાથી એમના શિક્ષકો શું કરવા માગતા હતા તે હું સમજી શક્યો છું. એમનો પહેલો ઉદ્દેશ માંસપેશીઓને મજબૂત બનાવવાનો દેખાયો, કારણકે તમે પશ્ચિમવાસીઓ શરીરને સુદઢ ને ક્રિયાશીલ રાખવામાં ગૌરવ ગણો છો. એકની એક ક્રિયાનું પુનરાવર્તન કરીને શરીરના અવયવોનો ઉપયોગ તમે ખૂબ બળપૂર્વક કર્યા કરો છો. માંસપેશીઓને મજબૂત કરવા તથા વિશેષ શક્તિ મેળવવા તમે ખૂબ જ જોરથી વ્યાયામ કર્યા કરો છો. ઉત્તરના ઠંડા દેશોમાં એમ કરવું સારું છે.'

'બંને પદ્ધતિઓમાં ખાસ તફાવત શો લાગે છે?'

'અમારી યોગક્રિયાઓ અમુક ચોક્કસ અવસ્થાઓમાં શાંતિથી બેસતાં શિખવાડે છે. એ અવસ્થામાં બેઠા પછી કોઇ વિશેષ હલનચલન કરવું પડતું નથી. ક્રિયાશીલતા વધારવા માટે વિશેષ શક્તિ મેળવવા કરતાં સહન કરવાની શક્તિ વધારવામાં અમે અધિક રસ લઈએ છીએ. માંસપેશીઓનો વિકાસ ઉપયોગી

હોય તોપણ એમની પાછળની શક્તિ વધારે કિંમતી છે. હું તમને કહું કે ખભા કે ગરદન પરનો બધો ભાર મૂકીને ઊભા રહેવાથી મગજમાં લોહી ફરી વળે છે, જ્ઞાનતંતુઓને શાંતિ મળે છે ને કેટલીક નબળાઈઓનો નાશ થાય છે, તોપણ તમે પશ્ચિમવાસીઓ હોવાથી એ આસન એકાદ ક્ષણ કરશો અને પછી એને અવારનવાર જોરપૂર્વક કરવા માંડશો. એથી તમારા સ્નાયુઓ સુદૃઢ બની શકે ખરા; પરંતુ પોતાની રીતે એ ક્રિયાનો અભ્યાસ કરીને યોગી જે લાભ મેળવી શકે તેનાથી તમે વંચિત જ રહેશો.'

'એ ક્રિયા કેવી હોય છે?'

'યોગી એ ધીમેથી સમજપૂર્વક કરે છે અને પોતાની શક્તિ પ્રમાણે થોડી મિનિટ સુધી એ દશામાં સ્થિર રહે છે. એ આસનને અમે 'સર્વાંગાસન' કહીએ છીએ. એ તમને કરી બતાવું.'

બ્રહ્મ હાથને ભેગા કરેલા પગની બંને બાજુ રાખીને ચત્તા સૂઈ ગયા. ઘૂંટણ બરાબર સીધા રાખીને એમણે પગને ઉપર ઉઠાવ્યા. કોણી જમીન પર ટેકવી રાખીને એમણે હાથથી પીઠ પકડી રાખી. એ પછી શરીરને એકદમ ઊંચકીને કમર તથા મસ્તકના ભાગ સીધા કર્યા. છાતી આગળ આણીને હડપચીએ અડાડી. મસ્તકને મદદરૂપ બનતા હાથ અર્ધગોળાકાર થઈ ગયા. શરીરનો બધો બોજો ખભા પર, માથા પર અને ગરદનના પાછલા ભાગ પર આવી પડ્યો.

એ ઊલટી અવસ્થામાં પાંચેક મિનિટ રહ્યા પછી યોગી બેઠા થયા અને એ ક્રિયાના ફાયદા કહેવા લાગ્યા.

'આ આસનથી થોડી મિનિટો માટે મગજ તરફ લોહી વહેતું થાય છે. સામાન્ય રીતે હૃદયની રક્તાભિસરણની ક્રિયાથી



લોહીને ઉપર ચડાવવું પડે છે. આસનની વિશેષતા એ છે કે એથી મગજ તથા જ્ઞાનતંતુઓને પોષણ મળે છે. મગજથી કામ લેનારા લોકો—વિચારકો ને વિદ્યાર્થીઓનાં મગજ થાકી જાય છે ત્યારે આ સર્વાંગસનનો શાંત અભ્યાસ ઝડપી રાહત આપનારો સાબિત થાય છે. એનો ફાયદો એટલો જ છે એવું નથી સમજવાનું. એની મદદથી શરીરના ગુહ્ય ભાગો પણ મજબૂત બને છે. એ ફાયદા તમારી ઝડપી પશ્ચિમી પદ્ધતિ પ્રમાણે નહીં, પરંતુ અમારી આ રીત પ્રમાણે આસનનો અભ્યાસ કરવામાં આવે તો જ થઈ શકે છે.'

'મારી ભૂલ ન થતી હોય તો તમારા કહેવાનું તાત્પર્ય એ છે કે યોગનાં આસનો શરીરને અમુક જાતની ચોક્કસ સ્થિરતા કે શાંત દશામાં ગોઠવી દે છે, જ્યારે અમારી પશ્ચિમની કસરતો તેનો ભયંકર રીતે ભંગ કરે છે?'

(ક્રમશઃ)

જેમણે પોતાના આચરણ, વિચારો અને ભાવનાઓમાં આદર્શવાદ તથા ઉત્કૃષ્ટતાનો સમાવેશ કર્યો છે, તેઓ સંત છે. **—યોગેશ્વરજી**


**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# રણછોડદાસજી મહારાજના ચૂંટી કાઢેલા પ્રેરક પ્રસંગો

**સં. પરમાર્થી (શ્રીદમયંતી સેજપાલના પુસ્તકના આધારે)**

જે જીવને જીવનનો વિકાસ સાધવો તેવા જીવને તો યોગ્ય પ્રકારનું મૌન પાળ્યા વિના છૂટકો થતો હોતો નથી. સાધકને માટે વાણીનો સંયમ એ ઘણે ઘણો જરૂરનો છે.

જીવે જો જીવન વિકાસની સાધના કરવાની જ હોય તો તેણે સમજી સમજીને મૌન પાળવાની ઘણી ઘણી જરૂર રહે છે કિન્તુ તે જડ પણે તો નહીં જ. જીવે જે કંઇ કરવાનું છે તે જ્ઞાનપૂર્વક કરવાનું છે કે જેથી તેમાંથી હેતુનું ફલિતાર્થ થવાપણું પ્રકટ્યા કરે.

**—પૂ.મોટા**

### નિર્મલ મન જન સો મોહિ થાવા

પૂજ્યશ્રીએ ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્‌ભાગવદ્‌ ગીતામાં અર્જુનને ઉપદેશેલી 'પૂર્ણાવસ્થા' પ્રાપ્ત કરી હતી. કારણ કે કાષ્ટમૌન દરમિયાન એમણે બ્રહ્મ સાથે તાદાત્મ્યવૃત્તિ સાધી હતી. એ સમયની ભાવનાની અસર આખા જગત પર પ્રસરી શકવા સમર્થ હોય છે. રેડિયોનું ટ્રાન્સમિટર એક જગ્યાએ બોલે છે પરંતુ તેની અસર આખા વિશ્વ પર નથી થતી? આ અવસ્થામાં કર્મ અને સંન્યાસ અને પૂર્ણ સંન્યાસ એજ કર્મયોગ બની જાય છે. પૂર્ણાવસ્થામાં જગતને બહારથી પોતાની જેવી દશા દેખાતી હોય તેવી આંતરિક અવસ્થા ન હોય. આ અવસ્થાને આચરી



બતાવીને પૂજ્યશ્રીએ બંને યોગનું જગતને પ્રત્યક્ષ દર્શન કરાવ્યું.

ભાદરવા સુદ બીજ ને દિવસે નિશ્ચિત સમયે દ્વાર ઊઘડ્યાં. પૂજ્યશ્રી બહાર પધાર્યા. જાદવજીભાઇ સહિત બધાંએ ભાવપૂર્વક વંદન કર્યાં. કાષ્ટમૌન તપની સમાપ્તિના ઉપલક્ષમાં ગામડાઓમાંથી કેટલાક ભક્તો આવેલા. પારાવાર ભીડ હતી.

તેઓશ્રી શાંતચિત્તે બધું જોતા રહ્યા. પૂજન, આરતી વગેરે પત્યા પછી એક દૃષ્ટાંત આપ્યું : 'કાષ્ટમૌન મેં ઐસી કૌનસી વિશેષતા હૈ, જો આપ સબ લોગ ઈતના કષ્ટ ઉઠા કર યહાં આયે હૈ?' સુનો, આરબ દેશ સે એક બાર આદમી વ્યાપાર કરને કે લિયે ભારત મેં આયા ઔર યહાં રહકર વ્યાપાર કરને લગા. એક દિન ઉસસે બડા ભારી અપરાધ હો ગયા. જિસકે સ્વરૂપ ઉસે દંડ કા પાત્ર બનના પડા. રાજાને દંડ સુનાયા : 'ઇસ આદમી કો ગધે પર બિઠાકર દેશનિકાલ કર દો.'

'દંડ કે અનુસાર ઉસે ગધે પર ચઢાકર અરબસ્તાન લૌટાયા ગયા.' આદમીને અપને દેશ મેં જાકર કહા : 'ભાઇ ભારત કે લોગ તો ઈતને સજ્જન હૈ કિ અપરાધી કોભી સ્વાગત સે હી વિદા કરતે હૈ દેખો ને, મુજે ગધે પર બિઠાકર વિદા દી.'

'અરબસ્તાન મેં ગધે પર બિઠાના સ્વાગતકા હી એક રૂપ સમજા જાતા હૈ.'

'ઇસી પ્રકાર, સાધુઓ કે દેશ મેં આપકા યહ પૂજનઅર્ચન ઔર સત્કાર ઉનકે અપમાન કા પ્રકાર માના જાતા હૈ. ઔર આપ લોગો કે ભાવપ્રદેશ મેં આપ ઈસે બડા ભારી સન્માન સમજતે હૈ.'

રાતના અગિયાર વાગ્યા સુધી સત્સંગ ચાલતો રહ્યો. એકાંત મળતાં આંસુસરતી આંખે જાદવજીભાઇ બોલ્યા : 'પ્રભુ! મારા સઘળા મનોરથ આપે પૂર્ણ કર્યા.' 'રાખેઉનાથ સકલરુચિ મોરી' હવે જવાની રજા આપો. મને આપેલું વચન ખ્યાલમાં રાખશો.

એમની અનન્ય ભક્તિ જોઇને શ્રીગુરુદેવ દ્રવી ગયા. પછી કહ્યું : 'જાદવ, યદિ તુમ્હારી ઐસી હી ઇચ્છા હૈ તો ભલે જાઓ. રઘુનાથજી સર્વશક્તિમાન હૈ, ફિકર નહીં કરના.'

સ્વસ્થ જાદવજીભાઇ પ્રણામ કરીને ઊઠ્યા.

ભાદરવા સુદ ત્રીજને દિવસે એટલે કે બીજે દિવસે સવારે નવેક વાગ્યે ભીમજીબાપા જાદવજીભાઇ પાસે ગયા. જઇને જોયું તો તેઓ ખૂબ અસ્વસ્થ હતા ને એમના પ્રાણ જવાની તૈયારીમાં હતાં! ગભરાઇને ભીમજીબાપા પૂજ્ય પાસે દોડ્યા. તેઓશ્રી એ સમયે સંત સમાજનાં પ્રવચન કરી રહ્યા હતા. સમાચાર સાંભળતાં સફાળા ઊઠીને જાદવજીભાઇ પાસે આવ્યા અને ચોકો કરી એમને સાથરે સુવડાવવાની આજ્ઞા કરી.

આ પ્રમાણે થયા પછી પૂજ્યશ્રીએ એમનું માથું શ્રીઅંકમાં લીધું અને ભક્તોને બહાર જવાની આજ્ઞા કરી. બહાર ઊભેલાઓને પૂજ્યશ્રીના શબ્દો સ્પષ્ટ સંભળાતા હતા : 'જાદવ! જાદવ! દેખો તુમ્હારે સામને કૌન ખડા હૈ, જાદવ? આંખે ખોલો.'

આ જ વાક્યનું બેચાર વખત પુનરાવર્તન થયું. પછી પૂજ્યશ્રીનું મુક્ત હાસ્ય આશ્રમમાં ગૂંજી ઊઠ્યું.

થોડીવાર પછી બધાને અંદર બોલાવીને કહ્યું, 'જાદવ કો પલંગ પર સુલા દો. વહઅભી નહીં પરંતુ રાત કો આઠ બજે જાએગા. આજ તો સાધુઓ કા ભંડારા હોનેવાલા હૈ. મહાત્માઓ કો ખિલાયે બિના જાદવ કૈસે જા સક્તા હૈ?'



આટલું કહીને પૂજ્યશ્રી સંતસમાજમાં પધારી ગયા.

થોડીવાર પછી તેઓશ્રી જુના મંદિરની ઓસરીમાં ગયા. હરિદ્વારવાળા સંન્યાસી ત્યાં બેઠેલા. જાદવજીભાઇની સઘળી હકીકત એમણે સાંભળી હતી. તેથી પૂજ્યશ્રીની સિદ્ધિની પરીક્ષા કરવાને ઇરાદે એમણે પૂછ્યું : 'કેમ સ્વામીજી, શા સમાચાર છે?'

'આપ ખુદ જાકર દેખ આઇએ મહાત્માજી?' પૂજ્યશ્રીએ ટૂંકમાં પતાવ્યું.

જાદવજીભાઇની દશા જોઇ આવીને કહેવા લાગ્યા : 'મહારાજશ્રી! આપનો શિષ્ય તો કલાક અર્ધો કલાક માંડ કાઢશે.'

'નહીં. રાત્રિકો ઠીક આઠ બજે જાદવ શરીર છોડેગા.' દ્રઢ સ્વરે તેઓશ્રી બોલ્યા.

પછી પૂછવાનું હોય? સંન્યાસી તો જાદવજીભાઇના રૂમ પાસે જ અડ્ડો જમાવીને બેસી ગયા.

જાદવજીભાઇ જ્યારે આંખો ખોલતા હતા ત્યારે તેમના ચહેરા પર મંદ મંદ સ્મિત સિવાય કોઇને કશું દેખાતું નહોતું. પીડા કે અસંતોષનું કોઇ ચિહ્ન ત્યાં નહોતું. સાંજ સુધી એ પ્રમાણે ચાલ્યું. તે દિવસે ત્રીજચોથ ભેગાં હતાં. ચોથ સાંજના ભાગમાં શરૂ થતી હતી. એટલા સમયમાં સાધુઓની પંગત પતી ગઇ,

અને જાદવજીભાઈને પ્રિય એવી સુદ ચોથ પણ બેસી ગઈ. પૂજ્યશ્રીની અલૌકિક દિવ્યશક્તિએ સવારના નવથી રાતના આઠ સુધી પ્રાણ પ્રયાણને રોકી મૂક્યું!

બરાબર આઠ વાગે ચિત્રકૂટ જેવા પવિત્ર તીર્થધામમાં પૂજ્યશ્રીને ખોળે મસ્તક મૂકીને ૪૫ વર્ષની ઉંમરે જાદવજીભાઈ સદાને માટે આંખો મીંચી ગયા. સંન્યાસી બધું જોઈને સ્તબ્ધ થઈ ગયા. પૂજ્યશ્રીને પરમસિદ્ધિ યોગેશ્વર જાણીને એમણે તેઓશ્રીનું શિષ્યત્વ સ્વીકારી લીધું.

જાદવજીભાઈનો અંતિમ વિધિ થયો. શબને ગંગાજળથી નવડાવી, ચંદન કરી, નવાં વસ્ત્રો પહેરાવ્યાં, ત્યાર પછી સંતમત અનુસાર શણગારાયેલા દિવ્ય વિમાનમાં પદ્માસન વાળીને શબને બેસાડ્યું. મૌનીજી મહારાજે મંત્રોચ્ચાર કરતાં કરતાં તિલક, પૂજન, આરતી વગેરે કર્યું. છેલ્લે શ્રીગુરુદેવે સ્વહસ્તે જાદવજીભાઈને પુષ્પમાળા પહેરાવી. ભક્તસમુદાય અશ્રુ સારતી આંખે ‘જય જયકાર’ કરી ઊઠ્યો.

ચિત્રકૂટના સંતોએ કાંધ આપી. પૂજ્યશ્રી સાથે સાથે ચાલતા હતા. વાતાવરણમાં શાંત, ધીરી રામનામની ધૂન ગુંજી રહી હતી. ત્યારે એમણે કહ્યું : ‘જાદવ કી અનન્ય ભક્તિ કે બસ હોકર મૈંને ઉસકી યાચના કા સ્વીકાર કિયા ઔર પ્રણતપાલ શ્રી રઘુનાથજીને આજ મેરા પ્રણ પૂર્ણ કિયા. મુઝે ઉસકા સંતોષ હૈ.’

સંતોને પણ દુર્લભ એવો અંતકાળ શ્રી ગુરુદેવનાં ચરણોમાં અખંડ પ્રેમ રાખીને જાદવજીભાઈ પામ્યા.



# યોગાસનો(૧)

—હરિદાસ મૂળજી નિર્મલ

### યોગાસનો અને વ્યાયામ પદ્ધતિ વચ્ચે તફાવત

૧. યોગાસન નિયમિત કરવાથી આંતરિક અંગોને પુરતી કસરત મળે છે. અન્ય શારીરિક વ્યાયામથી તે લાભ મળતો નથી.

૨. અન્ય શારીરિક વ્યાયામમાં ઘણી જગ્યા તથા કસરત કરવા સાધનો જોઈએ. યોગાસનમાં બહુ જ ઓછી જગ્યા અને સાધનો બીલકુલ જોઈએ નહીં.

૩. અન્ય કસરત કરવાથી ભૂખ ખૂબ લાગે છે. પરિણામે વધારે ખવાય છે. પરંતુ અંદરની પચાવવાની શક્તિ મર્યાદિત છે. જ્યારે યોગાસનમાં વધારે ખોરાકની જરૂર પડતી નથી.

૪. યોગાસનો શરીરમાં રહેલી કેશવાહિનીઓનું રક્ત ઝડપથી શુદ્ધ કરે છે.

૫. યોગાસન એવી પ્રક્રિયા છે જેમાં સાથીની જરૂર પડતી નથી. અન્ય કસરતમાં સાથીની જરૂર રહે છે.

૬. યોગાસનો કરોડરજ્જુને લચકદાર બનાવે છે.

૭. માનસિક તણાવ યોગાસનોથી દૂર થાય છે. નિયમિત યોગાસન કરવાથી માનસિક શક્તિ વધે છે, અને બુદ્ધિનો વિકાસ થાય છે.

૮. રોગમુક્ત થવા માટે યોગાસન શ્રેષ્ઠ પ્રક્રિયા છે, કારણ કે નિયમિત યોગાસન કરવાથી શરીરમાં રહેલાં મળ અને વિકાર બહાર નીકળી જાય છે. જેને કારણે રોગપ્રતિકારકશક્તિ વધે છે. પરિણામે શરીર રોગમુક્ત બને છે.

૯. નિયમિત યોગાસન કરવાથી શરીર સ્ફૂર્તિવાળું બને છે. કામ કરવાની શક્તિ વધે છે. તંદુરસ્ત આયુષ્ય વધે છે.

૧૦. યોગાસન અને પ્રાણાયામથી ફેફસાનું સંકોચન અને પ્રસરણ થાય છે જેને કારણે રક્ત શુદ્ધિ થાય છે. લોહીનું પરિભ્રમણ સારી રીતે થાય છે.

૧૧. શારીરિક કસરત મોટી ઉંમર થતાં નથી કરી શકતા શારીરિક વ્યાયામ કરતાં ખૂબ થાક લાગે છે અને અંદર રહેલી શક્તિનો વ્યય થાય છે. યોગાસનો કરવાથી શારીરિક શક્તિનો વ્યય થતો નથી. મોટી ઉંમર સુધી કરી શકાય.

૧૨. વ્યાયામ નિયમિત કરતાં હોઈએ અને એકદમ મૂકી દઈએ તો શરીરને નુકસાન થાય છે. યોગાસન મૂકી દેવાથી નુકસાન થતું નથી.

**યોગાસનનો પૂરો લાભ લેવા નીચેનાં નિયમોનું પાલન કરવું જરૂરી અને હિતાવહ છે.**

૧. આસનો બની શકે તો વહેલી સવારે કરવાં—સવારના વાતાવરણ શુદ્ધ હોય. હવામાં પ્રદુષણ ન હોય, ઓઝોન વાયુનો લાભ મળે.

૨. આસનો ખાલી પેટે કરવાં.

૩. શૌચક્રિયા પછી કરો તો વધારે સારું.

૪. બની શકે તો સ્નાન કર્યા બાદ આસન કરવાં—સ્નાનથી શરીર હલકું અને સ્ફૂર્તિવાળું બને છે. યોગાસન કર્યા બાદ સ્નાન કરવું હોય તો અડધા કલાક બાદ કરવું.

૫. આસનો કરવા માટેની જગ્યા સમતલ, સ્વચ્છ અને પૂરા હવાઉજાસવાળી હોવી જોઈએ.

૬. રૂમમાં પંખો ચાલુ રાખીને આસન ન કરાય. ખૂબ વેગથી



પવન આવતો હોય તેવી અગાસી કે ખુલ્લી જગ્યામાં આસન ન કરી શકાય.

૭. આસનો ગરમ બ્લેંકેટ(ધાબળા) કે કંતાન ઉપર કરવાનાં.

૮. આસન કરતી વખતે શરીર ઉપર વસ્ત્ર ઓછામાં ઓછા અને ઢીલાં હોવા જોઈએ.

૯. આસનો શાંત ચિત્તે અને ધૈર્યપૂર્વક કરવાં. ઝટકા સાથે અથવા બળ કરીને કોઈપણ આસન ન કરવાં.

૧૦. યોગાસનોનો સમય ધીરે ધીરે વધારવો જોઈએ.

૧૧. દરેક આસનો કર્યા બાદ જેટલા સમય માટે આસનો કરીએ તેટલો સમય શરીરનાં તંગ થયેલા સ્નાયુઓને શિથિલ કરી આરામ આપવો જોઈએ, એટલે શબાસન અને મકરાસન કરવાં.

૧૨. આસનો કર્યા બાદ અડધા કલાક બાદ દૂધ પીવું. ભોજન ૩ કલાક બાદ લેવું. જમ્યા બાદ આસન ન કરવાં. જમવાનો અને આસનનો ગાળો પાંચ થી છ કલાકનો રાખવો.

૧૩. આસન કરનારે શક્ય હોય ત્યાં સુધી હલકો આહાર લેવો.

૧૪. આસનો કર્યા બાદ મૂત્રત્યાગ અવશ્ય કરવો જેથી દૂષિત તત્ત્વો બહાર નીકળી જાય.

૧૫. બહેનોએ સગર્ભાવસ્થા દરમ્યાન આસન ન કરવાં. માસિક ધર્મ વખતે પણ ૩ થી ૪ દિવસ આસન ન કરવાં. સુવાવડ પછી ચાર થી છ માસ બાદ આસન કરવાં.

૧૬. શરીર થાકી ગયું હોય, ઉજાગરા હોય, જટિલ રોગોમાં કે ભારે તાવમાં આસનો ન કરવાં. (ક્રમશઃ)

# પનામાનો પુણ્ય પ્રવાસ

—મા સર્વેશ્વરી

**૧૦/૦૮/૦૫ બુધવાર પનામાથી ન્યુજર્સી**

આજે ડેરા દંડા ઉઠાવાની યોજના હતી. પનામા તને પણ સલામ, ભક્તને પણ સલામ, સલામી દિન, ને સ્વાગતદિન બન્નેની સરસ તાલીમ મળે છે. આવો અને આવજો જાણે સરખું જ લાગે છે.

બે દિવસ પહેલાં શ્રાવણ માસ છે, તો એક બેન મા માટે પણ ફળો મોકલે છે. મા તે ફળો પાછાં મોકલી દે છે.

અને મા સંદેશો મોકલે છે કે તમારાં ફળો મા નહીં સ્વીકારી શકે કારણ કે તમે તમારા ઘરે મહેમાનોને આલ્કોહોલવાળાં પીણાં પીવડાવો છો.

ફળો સાથે એ સંદેશો મળતાં જ તે બેન પોતાના પતિને જણાવે છે. સાંજના સત્સંગમાં એમના પતિ માને કહે છે મા મારો નિર્ણય હવે પાકો છે. હું મહેમાનોને પણ એવું ના આપીશ. પણ તમે મને ના કહેવાની હિંમત ને શક્તિ આપજો.

મા તે ભાઈનો આભાર માને છે. પ્રભુ આ રીતે માત્ર ફળો ન સ્વીકારવાની પ્રવૃત્તિ મા પાસે કરાવે અને તે ભાઈ હવે દૂષિત કર્મોથી દૂર રહેશે. હે હરિ! આપ એવાં કેટલા બધાં કાર્યો કરો છો? આપની આવી અલૌકિક યોજનામાં માને માત્ર માધ્યમ બનવાનું છે. આપની આ યોજનાને, તેની સફળતાને પ્રણામ. પ્રભુ આપની એ લીલાને પ્રણામ.

ગઈ રાતે ૩ વાગે વિશ્રામ થયો હતો ને ૫ વાગે તો સ્નાન, પ્રણામ થઈ ગયા. સવારે ૭ વાગે તો મા નીચે ઉતરે છે.

ગઈ રાતે બાળકોની સંભાળ અંગે ૫, ૬ સુવાક્યો મા જુદાં



જુદાં કાર્ડ ઉપર લખે છે. વળી પરિવારના સભ્યો માટે પણ બે પત્રો લખે છે.

પનામાની ધરતીને સલામી. આજે માને વિદાય આપવા ૩૦, ૩૫ ભાઈ–બેનો આવ્યાં છે. સૌ પ્રણામ કરે છે. યાત્રાના આરંભે પ્રાર્થના સાથે ૧૧ પ્રણામ પાછા મા પણ કરે છે.

કેટલાકની આંખમાં આંસુ છે. કેટલાક ફરી વહેલાં વહેલાં પધારજો, વધુ રહેવાય તે રીતે આવજો વગેરે બોલતા સંભળાય છે.

જે ફૂલો પૂ.શ્રીને અને માને અર્પણ કર્યા છે તે સૌને વહેંચી દીધાં છે. વળી પૂજન, આરતી, પુષ્પહાર અર્પણ થયા છે, તે પુષ્પહાર પણ નાના—નાના બાળકોને મા પહેરાવી દે છે.

પનામાના ભાવિક ભાઈબેનોનો પ્રેમ અદ્ભુત છે. અલૌકિક છે. શ્રદ્ધા ભક્તિ પણ ઉત્તમ છે.

છતાં માને એ ધરતીને છોડતાં દૃષ્ટાભાવ જ રહ્યો છે, તે પ્રભુની કૃપા છે. મા સતત ફરે છે તે કૃપા છે. ક્યાંયે કોઈ વળગણ રહેતું નથી.

સમયસર પ્લેન માટે એરપોર્ટ ઉપર આવી ગયા.

માએ ગઈ રાતે જ જાહેર કરેલું, એરપોર્ટ ઉપર કોઈ ના આવશો. ઘરેથી જ સૌ વિદાય આપે.

એ સૂચનાનું પાલન થયું છે. જેથી એરપોર્ટ ઉપર યજમાન પરિવાર અને બીજા બે ભાઈઓ જ છે. શ્રી ભગવાનજી પણ છે.

આજે જગદીપ, નયના, પૂજા પણ પનામાથી વિદાય લે છે. માની સાથે જ એમનું પ્લેન છે. જેથી તે પણ સાથે છે.

મા સાથે ઉપાસના અને વિનોદભાઈ ન્યુજર્સી જશે ને જગદીપ વગેરે હ્યુસ્ટન જશે.

જગદીપ નયના માને આગ્રહ કરતાં રહ્યાં છે. મા ઓઝોના આવો. અમે લેવા આવીએ.

શ્રી ભગવાનજી ને કંચનબેન પણ આગ્રહ કરતા રહ્યાં છે. મા આ વખતે L.A. રહ્યાં જ નથી તો L.A. આવજો. અમે લેવા આવીશું.

ગુલાબબેન, દિવ્યેશ તો દરરોજ જ કહે છે. મા આટલું મોડું ના કરતાં. દર વરસે આવો ને વધુ દિવસ રહો.

આ બધાના પ્રેમાગ્રહ સામે મા લખે છે. પ્રભુની ઈચ્છા હશે તો અને ત્યારે અવાશે. તમારા સૌનો પ્રેમભાવ જ અમને પકડીને લાવશે.

સૌ માની હાજરી ઈચ્છે છે. શ્રી હરિના એ શક્તિ છે. શ્રી હરિની એ ઈચ્છા છે. શ્રી હરિના પ્રેમનો એ પ્રભાવ છે.

માને શું? જ્યાં હરિ લઈ જાય ત્યાં મા જશે. જાય છે.

સમયસર પ્લેન હતું. સૌની વિદાય લઈ પ્લેન ઉપડે તે દ્વારે આપી ગયાં. એરપોર્ટના ત્રણ સ્ટોરની પણ મુલાકાત લીધી. ત્યાં નાની નાની બેગ મળતી હતી.

પ્રભુની કૃપા કે માના પ્લેનનો ગેઈટ નંબર ૩૧ હતો ને જગદીપના પ્લેનનો ગેઈટ નંબર ૨૯ હતો. બન્ને છેક સામે જ હતા.

જેથી જગદીપને મા પ્લેનના ગેઈટ સુધી જાણે વિદાય આપે છે, ત્યારે પણ નયનાના એજ શબ્દો હતા. "મા ઓઝોના જરૂર પધારજો."

સમયસર મા સાથે ઉપાસના ને વિનોદભાઈ પ્લેનમાં પ્રવેશે છે. પ્લેન ભરાયેલું છે. મા પોતાની જ સીટ ઉપર પૂ.શ્રીના સ્વરૂપને મૂકે છે.

હવે પ્લેન ઉપડશે. એક પણ સીટ ખાલી હોય તેવું લાગતું



નથી. ત્યાં જ પાછળની સીટ ખાલી જોઈ શ્રી વિનોદભાઈ તરત જ ત્યાં પાછળ બેસી ગયા.

એટલે પૂ.શ્રીના સ્વરૂપ માટે એક સીટ મળી ગઈ છે. ઉપાસના ત્રીજી સીટ ઉપર છે. મા તે બેનને યાત્રાની ડાયરી વાંચવા આપે છે.

મા થોડીક ડાયરી લખે છે. મંત્ર–જપ કરે છે. થોડોક આંખ મીંચીને વિશ્રામ પણ કરે છે.

સાડા પાંચ કલાકે પ્લેન ન્યુજર્સીના એરપોર્ટ ઉપર ઉતરે છે.

ઈમીગ્રેશનમાં ઘણી મોટી લાઈન છે. લગભગ ૨૦૦ યાત્રીઓ ઊભા છે.

પણ લગભગ ૧૦ મીનીટમાં સૌ વિવિધ ટેબલ ઉપર વહેંચાઈ ગયા. મા પણ શ્રી વિનોદભાઈ સાથે ટેબલ પાસે પહોંચી ગયાં.

ઓફિસર ભાઈ હતા. પહેલો પાસપોર્ટ એમણે વિનોદભાઈનો જોયો.

શ્રી વિનોદભાઈને પૂછ્યું.

તમારી જન્મ તારીખ શું?

પછી માનો પાસપોર્ટ જૂએ છે.

આ કોણ છે?

મારા પરિવારના મિત્ર છે.

પનામા શા માટે ગયા હતાં?

સૌને મળવા.

ભારત ક્યારે જવાના છે?

૨૧ સપ્ટેમ્બર.

વેલકમ ટુ હોમ કહીને તે ઓફિસર માને કહે છે.

બન્ને આંગળી અહીં મૂકો. ને ફીંગર પ્રીન્ટ લેવાઈ ગઈ.

માના પાસપોર્ટમાં સિક્કો મારીને પછી ઓફિસર તે પાસપોર્ટ માને આપતાં કહે છે.

થેક્યું મેમ.

અને શ્રી વિનોદભાઈ અને મા આભાર માનતા ટેબલ છોડે છે. વિનોદભાઈ થેક્યું કહે છે. મા મનોમન આભાર માને છે.

મા તો આ હરિની યોજનાને વધાવ્યા કરે છે. હરિની ઈચ્છા છે તો જ માત્ર ત્રણ પ્રશ્નો પૂછીને અહીં છ માસ રહેવાના વીસા આપે છે તો હે હરિ તારી ઈચ્છા તું જ્યાં જેટલું રાખે તેટલું રહીશ.

ઓફિસરમાં પણ તું જ વસે છે. પ્રશ્નો પણ તું જ પૂછે છે. જવાબો પણ તું જ અપાવે છે. હે હરિ, સર્વત્ર તારું જ સામ્રાજ્ય છે. તારી ઈચ્છા, પ્રમાણે બધું જ થયા કરે છે.

વીસા ધારો કે ૨૧ સપ્ટેમ્બર સુધીના જ મળ્યા હોત તો પણ આનંદ, ને મળ્યા છે છ માસના તો પણ આનંદ.

કસ્ટમ વિભાગમાં બેગ મશીનમાંથી પસાર કરાવી બહાર નીકળી ગયાં.

શ્રીસરોજબેન, હીના, સુતરીયા પરિવાર મળે છે.

દસ મિનિટમાં તો એરપોર્ટ છોડી દીધું છે. ઘરે સમયસર આવી ગયાં.

હંમેશની જેમ અહીં કારપેટ પાથરી છે. પ્રેમભક્તિને વ્યક્ત કરતી કારપેટ આજે નવી મૂકાઈ છે.

વરસોથી આ ઘરે જાણે મા VIP વિશેષ વ્યક્તિ હોય એ રીતે કારપેટ પાથરે જ છે. તે કારપેટ માત્ર મા માટે જ વપરાય છે.

કેવો ભાવ છે!

આજે વેલકમ ટું હોમ શબ્દનો શ્રી વિનોદભાઈએ અર્થ લીધો છે. કે માનું આ ન્યુજર્સી જ ઘર છે. માટે ઓફિસર પણ એ જ



રીતે માને આવકારે છે. એટલે મા હવે અહીં જ રહેવાનું અને કોઈપણ દેશમાં જાવ કે આવો ત્યારે અહીં જ પહેલાં આવવું.

સરોજબેન તો વરસોથી એવું જ માને છે કે માએ દર વરસે અહીં આ ઘરે ઓછામાં ઓછા છ મહિના આરામ માટે જ આવવું. ભારતનાં સત્કાર્યો ને ભક્તોની મુલાકાતમાંથી વેકેશન લઈને અહીં જ આવી જવું.

આ પ્રેમભાવ આ ન્યુજર્સીના યજમાનનો છે. હે પ્રભુ, તારી કૃપા છે. મા જયાં જયાં જાય છે ત્યાં ત્યાં સૌ સ્નેહ ધરે છે. પ્રેમથી આગ્રહ કરીને રાખે છે. વિદાય વેળાએ આંસુ સારે છે.

પ્રભુ, તું જ સર્વ યજમાનોમાં સર્વ ભક્તોમાં પથરાઈ ગયો છે. સર્વત્ર તું જ છે. અદૃશ્ય રહીને સર્વત્ર તું માને આવકારે છે. વધાવે છે, પરિભ્રમણ કે યાત્રા કરાવે છે. સ્લેટ દ્વારા તું જ કલમ ચલાવે છે. સૌના પ્રશ્નોના તું જ ઉત્તર આપીને સમાધાન કરાવે છે.

મા, હે હરિ, તારી ઈચ્છાથી અહીં આવી ગયાં.

સ્નાન પછી નિર્જળાવ્રત પૂર્ણ થયું છે. ફળાહાર બાદ વિશ્રામ.

પરિશ્રમનો પ્રસાદ તો મળે જ ને! તો જ માનવદેહમાં છીએ તેનું સ્મરણ રહેને!

પરિશ્રમના પ્રસાદના પ્રત્યુત્તરમાં વિશ્રામનો પ્રસાદ હોય જ.

વિશ્રામ થયો છે. પરિશ્રમ લાંબી યાત્રા અને બન્ને એરપોર્ટ ઉપર લાંબી લાંબી જાણે પદયાત્રા અને સાથે નિર્જળાવ્રત.

પરંતુ એમાં પણ હરિની ઈચ્છા. અહીં આજે કોઈ મુલાકાતી નથી. જે હતા તે એરપોર્ટ ઉપર મળી ગયા.

પનામા પણ આનંદ હતો, અહીં પણ આનંદ છે. સર્વત્ર શ્રી હરિનો પ્રદેશ છે. તો તે શ્રી હરિના પાવન ચરણે પ્રણામ, પ્રણામ, પ્રણામ.

(સંપૂર્ણ)

# સુવ્રતાનો વિજય

—પૂજ્ય સ્વામી કૃષ્ણાનંદજી

તેઓશ્રી એક સરકારી અમલદાર હતા અને પોતાની સંસ્કારી પત્ની અને બાળકો સાથે એક મોટા શહેરમાં રહેતા હતા. એમનાં પત્નીની પ્રશસંનીય પ્રવૃત્તિઓ અને તેમના સુસ્વભાવને લીધે હું તેમને 'સુવ્રતાબેન' નામથી બોલાવતો અને હજી પણ તે નામે જ જ બોલાવું છું.

તેઓ સત્તાવાળી સરકારી નોકરી કરતા હતા. આથી તેમની પાસેથી ગેરકાયદેસર લાભો મેળવવાના લોભે જનતામાંથી કેટલાક લોક આ અમલદાર સાહેબને ત્યાં રોકડ અને વસ્તુઓની બક્ષિસોનો વરસાદ વરસાવતા. શહેરમાં ઘણાં ચિત્રપટગૃહો તરફથી તેમને મફત ટિકીટો મળતી. શ્રીમંતો એમને તથા એમના કુટુંબીજનોને હંમેશા ભોજન તથા પર્યટનો માટે આમંત્રણ આપતા. કેટલાક મોટર માલિકો તેમને જ્યારે અને જેટલો સમય જરૂર પડે ત્યારે અને તેટલો સમય પોતાની મોટરો વાપરવા આપતા. સ્થળે સ્થળે તેમની જરૂર જણાતી અને વિવિધ સંસ્કાર કાર્યક્રમોમાં હંમેશા તેમની રાહ જોવાતી.

ઘણા લોકોને નુકશાન કર્યા વગર બીજાઓને મદદ કરવાનું ઘણી વખતે શક્ય નથી હોતું. આથી એવા સંખ્યાબંધ લોકો હતા જેમને તેમના હાથે અયોગ્ય રીતે અન્યાય સહન કરવો પડતો. કેટલીક વખત તેમની પૈસા પડાવવાની રીતરસમો હદ ઉપરાંત અમાનુષી અને જોર જુલમવાળી રહેતી. વધુ પડતી કનડગતના ભયથી તેમને માટે સુપ્ત તિરસ્કાર હોવા છતાં, કોઈપણ માણસ



તેમની અવકૃપાને આમંત્રણ આપવાની હિંમત ધરતું નહીં.

તેમની પાછલા બારણાની આવક ઘણીવાર તેમને રૂપિયા પાંચસોના પગારથી દસગણી વધી જતી. આવી સહેલાઈથી મળતી આવકને લીધે તેઓ જિંદગીની મોજ માણતાં હતાં. એકાદ વર્ષ સુધી તો બધુ સીધેસીધું ચાલ્યું. સાધારણ રીતે આડેઅવળે માર્ગે, કુટિલ કર્મો દ્વારા મેળવેલાં નાણાં, જોરું, જુગાર, નાચગાન, મધ અને મદિરા પાછળ જ વેડફાઈ જાય છે. ગમે તે કારણ હો, પણ આ અમલદાર આ બાબતમાં એક અનુકરણીય અપવાદ હતા.

તેમનાં ચતુર અને સુશિક્ષિત શ્રીમતી ધીરેધીરે પોતાના પતિદેવની લાંચરૂશ્વતખોરીવાળી પ્રવૃત્તિઓથી વાકેફ થયાં. આ માહિતીથી સુવ્રતાબેન શરમ અને શોક અનુભવવા લાગ્યાં. તેઓ ચોક્કસપણે માનતા કે પાપનું પરિણામ હંમેશા દુઃખદ હોય છે. આથી પોતાના પતિને સન્માર્ગે લાવવાનું અને તેમના આ શંકાસ્પદ અને અઘટિત માર્ગોમાં રહેલાં સંકટો અને નિષ્ફળતાઓનું ભાન કરાવવાનું તેમણે બીડું ઝડપ્યું. આ પ્રકારની સસ્તી ગેરવર્તુણૂંકનો ત્યાગ કરવા તેમનાં પત્નીએ તેમને વખતો વખત વિનંતી કરી. ગુન્હાવાળા કૃત્યોને લીધે ઘણાએ અમલદારો તથા તેમનાં નિર્દોષ કુટુંબીજનોના થયેલા વિનાશના તેમણે દાખલાઓ આપ્યા. પોતાનાં બાળકો તથા ઈશ્વરના સોગંદ ખાઈ સુવ્રતાબેને પોતાના પતિને હવે પછી આવાં લાંચરૂશ્વતનાં નાણાં સ્વીકારી પોતાના હાથને તથા ઘરને કલંકિત નહીં કરે એવી ગંભીર પ્રતિજ્ઞા તેઓ કરે તે માટે વિનંતી કરી.

તેમના પતિએ ફક્ત એટલી જ દલીલ કરી કે આવી રોકડ

રકમ અને બીજી ભેટ સોગાદો સ્વીકારવામાં કશું અજુગતું નથી. કચેરીના સમય બહાર લોકોનું કામ તેઓ સવિશેષ રસ લઈને કરતા તેથી જ લોકો તેમને પૈસા આપતા હતા. આથી આ આવક તેમના અલ્પ પગારના જેટલી કાયદેસરની જ હતી. વધારામાં તેમણે તેમનાં પત્નીને એમ પણ કહ્યું, "તમે અને તમારાં બાળકોની સગવડ સાચવવા માટે જ હું આ બધો પ્રયાસ કરું છું. ઉપરાંત તમે સ્ત્રી હોવાથી બહારની દુનિયાની બાબતો જાણી શકો નહીં. તમારે તો ફક્ત બાળબચ્ચાં, ઘરબાર અને રસોડામાં જ રસ લેવો એ યોગ્ય છે."

સુવ્રતાબેન જાણતાં હતાં કે શુભ પરિણામી કાર્યોના માર્ગમાં હંમેશા દેખીતી નિષ્ફળતાઓ અને જાતજાતનાં વિઘ્નો આડે આવે છે. તેથી તેમણે પોતાના પતિ સાથે વધારે અસરકારક રીતે કામ લેવાનું નક્કી કર્યું. આમ કરવામાં કેટલુંક સાહસ તથા વધારે નૈતિક હિંમતની જરૂર હતી. એમણે નૈતિક જીવન પ્રત્યે સંપૂર્ણ અંધ એવા પતિની આંખ ઉઘાડવાનું કાર્ય પોતાની સર્વશક્તિ સાથે અમલમાં મૂકવાનો નિશ્ચય કર્યો.

એ પ્રમાણે એક શુભ સવારે તેમણે તથા તેમના આજ્ઞાંકિત બાળકોએ પોતાને ઘેર આવતી ભેટ સોગાદોનો વ્યક્તિગત ઉપયોગ ન કરવાનું, તેમજ પોતાના પતિનો પગાર જે સગવડો ન આપી શકે તેવી સગવડો ન ભોગવવાનું નક્કી કર્યું અને તેવી બધી સગવડો ભોગવવાનો દઢતાપૂર્વક ઈન્કાર કર્યો. આનાં કેટલાંક અણગમતાં પરિણામો આવ્યાં; તેમ છતાં પણ પોતાના પતિની પાપી પ્રવૃત્તિમાં પોતે તથા પોતાનાં બાળકો ભાગ લેશે નહીં એમ મક્કમપણે નિર્ધાર જાહેર કર્યો.



સત્કાર્યમાં, જરૂર પડે અડગપણે સહન કરતી મહાન વ્યક્તિઓની માફક તેઓ પોતાના શુદ્ધ પ્રયત્નો ફળદાયી નીવડશે જ એવી દઢ શ્રદ્ધાથી આ કસોટીમાંથી શોભાસ્પદ રીતે પસાર થયાં. ધીરજ અને ખંતપૂર્વક આદેરલું કોઈપણ સુકાર્ય કદી નિષ્ફળ જતું નથી અને પરિણામે સુવ્રતાબેનની આ ચાતુરીભરી પદ્ધતિએ આશ્ચર્યજનક કામ કર્યું. એમના નિશ્ચયે આ અઠંગ લાંચરૂશ્વતખોર પતિને પ્રમાણિક તથા કર્તવ્યનિષ્ઠ બનાવ્યો.

આપણા દેશમાં વધતા જતા આ લાંચરૂશ્વતરૂપી રોગચાળાનો સામનો કરવા આવી ઘણી બધી સુવ્રતાઓની દેશને જરૂર છે. તેવી સ્ત્રીઓની સંખ્યા વેગે વધે... અસ્તુ!

**વધો નારી સંખ્યા સુવ્રતાબેન સરખી,**
**પતિત પતિને જે ઉદ્ધારે પાપમાંથી.**

લક્ષ્મી એ ઘરમાં જ ફુલે ફાલે છે. જે ઘરમાં એનો સદુપયોગ થાય છે.

ધન કરતાં યોગ્યતાઓનું મુલ્ય વધારે છે અને યોગ્યતાઓથી સ્વભાવનું મહત્ત્વ વધારે છે.

જેવી રીતે ગઈકાલનું દૂધ આજે દહીં બની જાય છે તેવી રીતે ભૂતકાળના કર્મો પ્રારબ્ધ બનીને પ્રગટ થાય છે.

**—શ્રી યોગેશ્વરજી**

# રસેશ્વરી

(ગતાંગથી ચાલુ) —શ્રી યોગેશ્વરજી

કૃષ્ણ અને બળરામ બંનેને અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપીને આખરે એમણે વિદાય લીધી ત્યારે એમની આંખ ભરાઇ આવી.

એમણે કહ્યું :

'ગોકુલવૃંદાવનની પવિત્ર ભૂમિ તમને બંનેને કદી પણ નહીં ભૂલી શકે. ત્યાંની પ્રજા, ગાયો, વનસ્પતિ તથા યમુના પણ તમને યાદ કરશે. તમે એમને નહીં ભૂલો ને કદી કદી એ ઉત્તમ ભૂમિની મુલાકાત લેશો એમ ઇચ્છું છું.'

'એ ભૂમિને અમે કદાપિ નહીં ભૂલી શકીએ.' કૃષ્ણ ને બળરામ લગભગ એકસાથે જ બોલી ઊઠ્યા; 'અને એના નિવાસીઓને પણ. માતા યશોદા તથા રોહિણીનું વિસ્મરણ અમને કોઇ કારણે નહીં થઇ શકે.'

★ ★ ★

ઉગ્રસેન બંધનમુક્ત બનીને અનેક યાદવોની સાથે વસુદેવના એકાંત આવાસમાં આવી પહોંચ્યા ત્યારે વસુદેવે એમનું ખૂબ જ સ્નેહપૂર્વક સ્વાગત કર્યું.

કૃષ્ણ તથા બળરામે પણ એ સ્વાગતમાં ભાગ લીધો.

ઉગ્રસેનનું અંતર એથી ભાવભીનું બની ગયું. તે બોલ્યોઃ

'કંસ ખૂબ જ બુદ્ધિશાળી તથા પરાક્રમી હતો, પરંતુ એની બુદ્ધિ તથા શક્તિ સન્માર્ગે ના વપરાઇ અને એને તારનાર નહીં પણ મારનાર બની એનું મને દુઃખ છે. એનાં કુકર્મો એના



વિનાશનું કારણ થઇ પડ્યાં. એણે પ્રજાને માથે એટલી બધી વિપત્તિ વરસાવેલી કે પ્રજા એના મૃત્યુનો શોક પણ નથી કરતી; એથી વધારે કરુણતા બીજી કયી હોઇ શકે?'

થોડાક સમય સુધી શાંત રહીને એણે જણાવ્યું :

'દેવર્ષિ નારદે એને અવારનવાર ચેતવણી આપી છતાં પણ એ ના ચેત્યો. એણે એનો માર્ગ ના બદલ્યો. પરિણામે જે થવાનું હતું તે થઇ ગયું. પ્રજાનો સંયુક્ત અવાજ ક્યાં સુધી નિષ્ફળ બને?'

કૃષ્ણે કહ્યું :

'કંસના મૃત્યુમાં નિમિત્ત બનવા માટે હું તમારી ક્ષમા માગું છું.'

'એને માટે ક્ષમાયાચનાની જરૂર નથી. તમે કેવળ તમારું કર્તવ્ય બજાવ્યું છે ને પ્રજાના તારણહાર બન્યા છો તે હું જાણું છું. મને તેનું દુઃખ નથી. તમારું જીવન લોકપ્રિય ને યશસ્વી બન્યું છે. પ્રજાનો તથા બીજા રાજાઓનો તમારા પર પ્રેમ છે. હવે તમે આ રાજ્યનો ઉપભોગ કરીને પ્રજાનું પાલન કરો. રાજ્ય હવે ન્યાયની દૃષ્ટિએ વિચારતાં તમારું છે.'

'એ રાજ્ય મારું નથી. તમારું છે, અથવા પ્રજાનું છે. પ્રજાનો તમારા પ્રત્યે પ્રેમ છે તે જાણું છું. પ્રજા એ પ્રેમથી પ્રેરાઇને તમારું સહર્ષ સ્વાગત કરી રહી છે. હું તો સૌનો સેવક છું ને સત્તાનો નહીં પણ સેવાનો ભૂખ્યો છું. પ્રજાની કોઇપણ પ્રકારના વ્યક્તિગત સ્વાર્થ સિવાય સેવા કરવામાં મારો સંતોષ છે. રાજસિંહાસન તમારું છે ને તમે જ એની ઉપર બેસવાના સાચા અધિકારી છો. રાજમુકુટ તમારા મસ્તક પર જ શોભી શકે તેમ છે. આવા અણિના વખતે તેનો સ્વીકાર કરીને પ્રજાને

માર્ગદર્શન આપો એ અત્યંત આવશ્યક છે. મારી સમજ પ્રમાણે મથુરાના અધીશ્વર એક તમે જ બની શકો, બીજું કોઈયે ના બની શકે.'

વસુદેવે કૃષ્ણની વાતનું સમર્થન કર્યું.

કૃષ્ણે કંસનો રાજમુકુટ મંગાવ્યો, પ્રજાના બીજા મહત્ત્વના પ્રતિનિધિઓને બોલાવ્યા, ને ઉગ્રસેનની ઘણી આનાકાની છતાં એનો અભિષેક કર્યો, ને કહ્યું :

'તમારું રાજ્ય તમને જ અર્પણ કરું છું. તેનું કુશળતાપૂર્વક, પ્રજાના હિતને ધ્યાનમાં રાખીને સંચાલન કરો, જેથી પ્રજા સુખી બને, શાંતિ મેળવે, ને સમૃદ્ધિનાં સર્વોત્તમ શિખરોને સર કરે. તમને રાજ્યની ધૂરા સુપ્રત કરીને મારા અંતરને શાંતિ થઈ.'

કૃષ્ણના ત્યાગભાવને જોઈને ત્યાં ભેગી થયેલી જનતા એમની પ્રશસ્તિ કરવા લાગી.

પ્રજાએ સર્વાનુમતે ઉગ્રસેનનો રાજા તરીકે સ્વીકાર કર્યો.

મથુરાના આજ સુધીના ઇતિહાસમાં એવી રીતે એક અવનવા અધ્યાયનો આરંભ થયો.

દુઃખી તથા પીડિત પ્રજા સુખી બનીને મનોમન ઉત્સવ કરવા લાગી.

બીજે દિવસે સવારે કૃષ્ણ, વસુદેવ તથા બીજા યાદવોએ કંસના મૃત શરીરને સ્વર્ણશિબિકા પર રાખીને યમુનાતટ પર પહોંચાડ્યું.

સુવાસિત દ્રવ્યોની મહામૂલી ચિતામાં એને ગોઠવીને વિધિપૂર્વક બાળી નાખવામાં આવ્યું.

પ્રજાએ મોટી સંખ્યામાં યમુનાતટ પર ઉપસ્થિત રહીને એને અંજલિ આપી.



રાજા ઉગ્રસેને કંસનો અંતિમ સંસ્કાર ખૂબ જ વૈભવપૂર્વક પૂરો કર્યો.

કંસે કારાગારમાં કેદ કરેલા બધા જ લોકોને મુક્ત કરવામાં આવ્યા.

મથુરામાં એવી રીતે નવી હવા ફેલાઈ રહી.

કૃષ્ણની પ્રતિષ્ઠા પ્રજામાં કંસના નાશથી તથા ઉગ્રસેનના રાજ્યાભિષેકથી વધી ગયેલી તે ઉત્તરોત્તર વધતી જ રહી.

એમની નિઃસ્વાર્થ સેવાવૃત્તિમાં કોઈને શંકા ના રહી.

એમના દિલમાં કોઈ પણ દુન્યવી લાલસાને બદલે પ્રજાના પ્રેમનો ને પ્રજાના સર્વાંગીણ હિતની ચિંતાનો જ વાસ છે એની સૌને ખાતરી થઈ.

વસુદેવ, દેવકી અને રોહિણીના જીવનમાં પણ નવો પ્રવાહ પેદા થયો.

વસુદેવે રોહિણીને વૃંદાવનથી મથુરા બોલાવી.

કૃષ્ણ તથા બળરામને યજ્ઞોપવીત આપવામાં આવ્યાં.

ક્ષિપ્રા નદીના તટ પર ઉજ્જૈનમાં સાંદીપની મુનિનું વિશાળ ગુરુકુળ હતું. તેમાં હજારો વિદ્યાર્થીઓ વિદ્યોપાર્જન માટે વાસ કરતા.

એ ગુરુકુળ દૂરદૂરના વિસ્તારો સુધી સુપ્રસિદ્ધ હતું.

એની શિક્ષાપ્રણાલિ ઘણી ઉચ્ચ હતી.

સાંદીપનીની છત્રછાયામાં રાજકુમારો અને અમીરગરીબના બાળકો કોઈપણ પ્રકારના ભેદભાવ વગર વાસ કરતા ને પ્રેરણા તથા માર્ગદર્શન મેળવતા.

(ક્રમશઃ)